Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-
Posting Licence No. RAJKOT / 678 / 2021-23,VALID UP TO 31-12-2023 posted at rajkot-RMS published & posting dt.-daily (evening)
Web: www.saurashtrakranti.com
Email ; saurashtrakranti@gmail.com




અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી

Year:7, Issue: 193 Dt.26-05-2022 (Thursday)
સાંધ્ય દૈનિક

તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાનઃ 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ-360001

# અમદાવાદમાં એશિયન સિરામિક અને ખાનગી ફાઇનાન્સ પેઢીમાં આવકવેરાના દરોડા

## એશિયન ગ્રેનિટો કંપનીની ઓફિસો-રહેઠાણો સહિત ૩૫ થી ૪૦ જગ્યાઓએ આયકર ખાતાના ૨૦૦થી વધુ અધિકારી દ્વારા તપાસનો ધમધમાટ



**અમદાવાદ, હિંમતનગર, મોરબી સુધી તપાસનો રેલો**

(એજન્સી સમાચાર)
અમદાવાદ, તા.૨૬

અમદાવાદમાં એશિયન સિરામિક ગ્રુપ અને ખાનગી ફાઇનાન્સ પેઢીમાં વહેલી સવારથી જ આવકવેરા વિભાગનું સર્ચ-ઓપરેશન શરૂ થયું છે. એકસાથે ૩૫ થી ૪૦ જગ્યાએ આવકવેરા વિભાગના દરોડા પડતાં ખાનગી પેઢીઓમાં ફફડાટ શરૂ થયો છે. આવકવેરા વિભાગને આ કાર્યવાહીમાં મોટો દલ્લો મળે તેવી શકયતા છે. તપાસનો દોર મોરબી અને ગુજરાત બહાર પણ લંબાયો છે.

અમદાવાદમાં ઈસ્કોન ચોક પર આવેલી કોર્પોરેટ ઓફિસ પર આવકવેરા વિભાગનું સર્ચ-ઓપરેશન ચાલી રહ્યું છે. એ ઉપરાંત હિંમતનગરની ફેક્ટરી પર પણ દરોડા પાડવામાં આવ્યાં છે. સિમંધર ફાઈનાન્સ નામની ખાનગી પેઢી અમદાવાદ અને હિંમતનગરમાં ઓફિસો ધરાવે છે. એ ઉપરાંત ખાસ કરીને એશિયન સિરામિક ગ્રુપમાં મોટે પાયે તપાસ હાથ ધરાઈ છે. એશિયન ગ્રુપના ડિરેક્ટોર્સના નિવાસસ્થાનો પર વહેલી સવારથી જ સર્ચ-ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે. ITના અધિકારીઓઓ ૩૫થી ૪૦ સ્થળો પર દરોડા પાડ્યા છે. જેમાં અમદાવાદ શહેરના ઈસ્કોન ચાર રસ્તા પર આવેલી કોર્પોરેટ ઓફિસમાં પણ દરોડા પડ્યા છે. તો બીજી તરફ હિંમતનગરમાં આવેલી ફેક્ટરી પર

(અનુ.પાના નં.૪ ઉપર)

## મોરબીમાં પણ આવકવેરાનું સર્ચ ઓપરેશન

**પીપળી રોડ, માળીયા હાઈવે અને સુભાષનગર પર દરોડાઃ ભાગીદારના ઘરે દરોડા**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
મોરબી, તા.૨૬

મોરબીમાં પણ આઇટી વિભાગના દરોડા પડયા છે. મોરબીના પીપળી રોડ અને માળીયા હાઇ-વે ઉપર આવેલા સિરામિક કારખાનામાં તેમજ મોરબીના રવાપર રોડ ઉપર સિરામિક કારખાનાના ભાગીદારના રહેણાંક મકાને આઇટી વિભાગની ટીમ દ્વારા સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હોવાની માહિતી સામે આવી રહી છે અને આજે વહેલી સવારથી અમદાવાદ ખાતે આવકવેરા વિભાગની ટીમો દ્વારા એશિયન ગ્રેનાઇટો અને ટાઇલ્સ ગ્રુપ ઉપર રેડ કરવામાં આવી છે તે અંતર્ગત હાલમાં મોરબીમાં પણ સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે અને તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો હોવાની માહિતી સામે આવી રહી છે.

# ગુજરાતની ટીમ અમદાવાદ પહોંચી





(એજન્સી સમાચાર)
અમદાવાદ, તા.૨૬

ગુજરાત ટાઈટન્સની ટીમે ક્વોલિફાયર-૧ જીતીને અત્યારે ફાઈનલમાં પ્રવેશ કરી લીધો છે. તેવામાં અત્યારે ટીમ હોટેલ હયાતમાં રોકાણ કરશે. આ દરમિયાન

(અનુ.પાના નં.૪ ઉપર)

# રાવલ પાલિકાની કારનો અકસ્માતઃ બે કર્મચારીના મોત

## મીઠોઈના પાટીયા પાસે ત્રણ મોટર અથડાઇ-બે કર્મીને ઈજાઃ ગાંધીનગર મીટીંગમાં જતી વખતે પરોઢીયે બનાવ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
જામનગર તા.૨૬

આજે જામનગર-દ્વારકા જિલ્લાની સરહદ પાસે વહેલી સવારે મીઠોઇ ગામના પાટીયે ત્રણ મોટર કાર વચ્ચે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં એક મુસાફરનું ઘટના સ્થળે તથા અન્ય એક વ્યકિતનું જામનગરની જી.જી.હોસ્પિટલ પહોંચતા સુધીમાં મૃત્યું નિપજ્યું હતું. આ ઉપરાંત પાંચ



વ્યકિતઓ ઇજાગ્રસ્ત થયા હોવાના અહેવાલ મળે છે. અકસ્માતનો ભોગ બનેલ બન્ને હતભાગીઓ દેવભૂમિ દ્વારકા જિલ્લાની કલ્યાણપુર તાલુકાની રાવલ નગરપાલિકાના કર્મચારીઓ હોવાનું તથા અન્ય બે ઇજાગ્રસ્ત કર્મચારીઓ પણ નગરપાલિકાના હોવાનું જાણવા મળે છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લાના જામ કલ્યાણપુર તાલુકાના જામ રાવલ ગામે રહેતા અને રાવલ નગરપાલિકામાં ફરજ બજાવતા ચાર કર્મચારીઓ આજે પરોઢીયે મોટર મારફત

(અનુ.પાના નં.૪ ઉપર)

# મુંદ્રા પોર્ટેથી ૫૦ કિલો ડ્રગ્સ પકડાયું

(એજન્સી સમાચાર)
અમદાવાદ,તા.૨૬

કચ્છના મુંદ્રા પોર્ટ પર ઇમ્પોર્ટ થયેલા એક કન્ટેનરને રોકીને તપાસ હાથ ધરવામાં આવી રહી છે. સુત્રોએ જણાવ્યું કે તેમાં ડ્રગ્સનો જથ્થો મળી આવ્યો છે, હજી પણ કન્ટેનરના તમામ જથ્થાની તપાસ ચાલી રહી છે તેમજ તેના સેમ્પલ નાર્કોટીક્સ તપાસ માટે મોકલાયા છે. ડિરેક્ટરોટ ઓફ રેવન્યુ ઈન્ટેલીજન્સ દ્વારા મુંદ્રા પોર્ટ પર આવેલા એક કન્ટેનરને રોકાવીને તપાસ ચલાવી હતી. સુત્રોએ જણાવ્યું કે મીઠુ હોવાનું ડિકલેરેશન ધરાવતું આ કન્સાઇમેન્ટ ઈરાનથી વાયા દુબઈ થઈને મુંદ્રા પહોંચ્યું હતું. જેમાં રહેલા જથ્થાને બહાર કાઢીને મોડી રાત સુધી તપાસ કરવામાં આવી હતી. તેમાં ૫૦ કિલો જેટલો સિન્થેટીક ડ્રગ્સનો જથ્થો ઝડપી પડાયો હોવાનું સુત્રો જણાવી રહ્યા છે. તે ખરેખર હેરોઈન છે કે અન્ય કોઇ ડ્રગ તે તપાસ પુર્ણ થયા અને રિપોર્ટ આવ્યા બાદ સ્પષ્ટ થશે. કસ્ટમના સુત્રોએ મીઠાના કન્ટેનરની તપાસ ચાલતી હોવાની ગતીવીધીને સમર્થન આપ્યું હતું.(૩)

# ભારે પવન વચ્ચે માછીમારોને દરિયામાં ન જવા સૂચના અપાઈ



(એજન્સી સમાચાર)
અમદાવાદ, તા.૨૬

રાજ્યભરમાં મંગળવારે તેજ પવનો સાથે કેટલાક વિસ્તારોમાં વરસાદના ઝાપટાં નોંધાયા હતાં. જેના કારણે અમદાવાદ, સુરેન્દ્રનગર તથા ઉત્તર ગુજરાતનાં કેટલાંક સ્થળોને બાદ કરતા મોટાભાગના શહેરોમાં ૪૦ ડિગ્રીથી નીચે તાપમાન નોંધાયું હતું. દક્ષિણ ગુજરાતમાં વાપી, વલસાડમાં તેજ પવનો સાથે ઝાપટાં નોંધાયા હતા. જેના કારણે ગરમીમાં રાહત મળી હતી. જ્યારે રાજકોટમાં પણ અડધાથી બે ઇંચ સુધી વરસાદ પડતા માત્ર એક કલાકમાં તાપમાનમાં ૧૦ ડિગ્રી સુધીનો ઘટાડો થયો હતો.

વલસાડમાં ઝાપટાં થતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. તેજ પવનના કારણે તિથલ બીચ પર સ્ટોલ્સના મંડપો પણ તૂટી પડ્યા હતા. હવામાન વિશેષજ્ઞના મત મુજબ આ ચોમાસાનો વરસાદ નથી પરંતુ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરથી વરસાદ થયો છે. બીલીમોરા શહેરમાં વરસાદ પડ્યો હતો. વાતાવરણમાં આવેલા પલટાને કારણે રાજકોટ સહિત કેટલાંક વિસ્તારમાં ઝાપટું પડ્યું હતું. અમદાવાદ, રાજકોટ

(અનુ.પાના નં.૪ ઉપર)

## ૫ રેલ્વે સ્ટેશનોનુ થશે રી ડેવલોપમેન્ટઃ શિલાન્યાસ

# ચેન્નઈને ૩૧૪૦૦ કરોડના પ્રોજેકટની ભેટ આપતા વડાપ્રધાન

(એજન્સી સમાચાર)
નવી દિલ્હી, તા.૨૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે હૈદ્રાબાદ અને ચેન્નાઈની મુલાકાત લેશે. આ મુલાકાત થકી વડાપ્રધાન ચેન્નાઈને ૩૧૪૦૦ કરોડના પ્રોજેકટની ભેટ આપશે. વડાપ્રધાન આઈએસબી હૈદ્રાબાદના ૨૦ વર્ષ પુરા થવાની ઉજવણીમાં ભાગ લેશે અને ૨૦૨૨ના પોસ્ટ ગ્રેજયુએટ પ્રોગ્રામ વર્ગના પદ્વીદાન સમારોહને સંબોધશે અને ચેન્નાઈના જેએલએન ઈન્ડોર સ્ટેડીયમમાં ૩૧૪૦૦ કરોડ રૂપિયાથી વધુની કિંમતના ૧૧ પ્રોજેકટનો શિલાન્યાસ કરશે. ચેન્નાઈમાં

(અનુ.પાના નં.૪ ઉપર)



# ટેસ્ટ રેન્કિંગમાં નંબર-૧ ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજાઃ અશ્વિન બીજા સ્થાને

## ICC ટેસ્ટ રેંકિંગ જાહેરઃ બેટ્સમેનોની રેન્કિંગમાં કેપ્ટન રોહિત શર્મા



(એજન્સી સમાચાર)
મુંબઈ, તા.૨૬

ICCએ રેન્કિંગની જાહેરાત કરી છે. (ICC ટેસ્ટ રેન્કિંગ) ભારતનો સ્ટાર ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજા ફરી એકવાર ટેસ્ટ રેન્કિંગમાં નંબર-૧ ઓલરાઉન્ડર બની ગયો છે, જ્યારે રવિચંદ્રન અશ્વીન નંબર-૨ પર છે. બેટ્સમેનોની રેન્કિંગમાં કેપ્ટન રોહિત શર્મા, વિરાટ કોહલી પણ ટોપ-૧૦માં છે.

રવિન્દ્ર જાડેજા હાલમાં વિશ્વનો નંબર ૧ ટેસ્ટ ઓલરાઉન્ડર છે, તેના ૩૮૫ પોઈન્ટ છે. તેના પછી રવિચંદ્રન અશ્વિન છે, જેમના ૩૪૧ પોઈન્ટ છે. IPLમાં રમી રહેલ જેસન હોલ્ડર ત્રીજા નંબર પર છે, જેના ૩૩૬ પોઈન્ટ છે.

બેટ્સમેનોની

(અનુ.પાના નં.૪ ઉપર)

# સેનેગલના આગ હોનારતઃ ૧૧ નવજાતના મોત

## તિવાઉને ખાતેની એક સાર્વજનિક હોસ્પિટલના નવજાત બાળકોના વિભાગમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાની આશંકા



(એજન્સી સમાચાર)
તિવાઉને, તા.૨૬

પશ્ચિમ આફ્રિકી દેશ સેનેગલ ખાતે એક ભારે મોટી દુર્ઘટના બની છે. તિવાઉને ખાતે એક હોસ્પિટલમાં આગ લાગવાના કારણે ૧૧ નવજાત બાળકોના મોત થયા છે. સેનેગલના રાષ્ટ્રપતિ મૈકી સૈલના હવાલાથી આ જાણકારી સામે આવી છે.

સેનેગલના રાજનેતા ડીઓપ સીના કહેવા પ્રમાણે આ હોનારત તિવાઉનેના પરિવહન કેન્દ્ર ખાતે મામે અબ્દૌ અજીજ સી દબાખ હોસ્પિટલ ખાતે બની હતી. શોર્ટ સર્કિટના કારણે આ પ્રકારે આગ લાગી હોવાનું જણાઈ રહ્યું છે.

રાષ્ટ્રપતિ મૈકી સૈલના હવાલાથી કહેવામાં આવ્યું છે કે, મેં તાજેતરમાં એક ખૂબ જ દુઃખદ

(અનુ.પાના નં.૪ ઉપર)

## કાર ખરીદનારાઓ માટે મહત્વપૂર્ણ સમાચાર

# તા.૧થી કાર-બાઈક ખરીદવા મોંઘા પડશે



(એજન્સી સમાચાર)
નવી દિલ્હી તા. ૨૬

તા.૧ જૂનથી કાર ખરીદનારો માટે મુશ્કેલીઓ વધવાની છે. માર્ગ પરિવહન મંત્રાલયે એક નોટિફિકેશન જાહેર કરી જણાવ્યું છે કે વિભિન્ન શ્રેણીઓના વાહનોમાં થર્ડ પાર્ટી ઇંશ્યોરન્સ પ્રીમિયમમાં વધારો કરવામાં આવશે. ઇન્સ્યોરન્સ પ્રીમિયમમાં ૬ ટકાથી માંડીને ૧૭ ટકાનો વધારો થવાનો છે.

સરકારી નોટિફિકેશન અનુસાર ૧૦૦૦ થી ૧૫૦૦ સીસી સુધીની પ્રાઇવેટ કારો પર ઇંશ્યોરન્સ પ્રીમિયમમાં ૬%નો વધારો કરવામાં આવશે. તો બીજી તરફ ૧૦૦૦ સીસી સુધીની કારો પર થનાર થર્ડ પાર્ટી ઇંશ્યોરન્સ (એક હપ્તે ૩ વર્ષ) માં ૨૩% વધુ ચૂકવવા પડશે. તો બીજી તરફ ૧૦૦૦ થી ૧૫૦૦ સીસીની નવી પ્રાઇવેટ કારોનું થર્ડ પાર્ટી પ્રીમિયમ પણ હવે ૧૧% ચૂકવવું પડશે.(૩)

# ઘૂસણખોરી કરી રહેલા લશ્કરના ૩ આતંકવાદીઓ ઠાર

**કુપવાડામાં સુરક્ષાદળોને મળી મોટી સફળતા**

(એજન્સી સમાચાર)
શ્રીનગર, તા.૨૬

કુપવાડામાં ઘૂસણખોરીનો પ્રયાસ કરી રહેલા ૩ આતંકીઓને સુરક્ષા દળોએ ઠાર માર્યા છે. સુરક્ષા દળો સાથેની અથડામણમાં માર્યા ગયેલા આ ત્રણ આતંકવાદીઓ લશ્કર-એ-તૈયબા (LeT આતંકવાદીઓ)ના હોવાનું કહેવાય છે. કુપવાડાના જુમાગુંડ ગામમાં આતંકવાદીઓ દ્વારા ઘૂસણખોરીના પ્રયાસની ચોક્કસ માહિતી મળ્યા બાદ પોલીસે ઓપરેશન શરૂ કર્યું હતું જેમાં ત્રણ આતંકવાદીઓ માર્યા ગયા હતા.

આ અંગે કાશ્મીર ઝોનના આઈજી વિજય કુમારે કહ્યું કે, જમ્મુ અને કાશ્મીરના કુપવાડા જિલ્લામાં ગુરુવારે સવારે થયેલા એક



અથડામણમાં, પાકિસ્તાન સ્થિત સંગઠન લશ્કર-એ-તૈયબા (LeT) સાથે જોડાયેલા ત્રણ આતંકવાદીઓ માર્યા ગયા. મળતી માહિતી અનુસાર, આ એન્કાઉન્ટર કુપવાડામાં ત્યારે શરૂ થયું જયારે ઘૂસણખોરી કરી રહેલા આતંકીઓને સેના અને પોલીસ દ્વારા અટકાવવામાં આવ્યાં.(૩)

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક



સૌરાષ્ટ્ર ક્રાંતી છેલ્લા છ વર્ષથી આપને અવનવા સમાચારોથી અપડેટ રાખે છે. નિષ્પક્ષ પત્રકારત્વની અલગ ઓળખ ઉભી કરવા કાયમ પ્રયત્નશીલ છે અમારા દ્વારા ડિજીટલ માધ્યમથી આપને સમાચારપત્ર પહોંચાડવામાં આવે છે. એક દિવસના એક રૂપિયાના અનુદાન દ્વારા આપ નિષ્પક્ષ પત્રકારત્વને જીવંત રાખી દેશની ચોથી જાગીર ને મજબુત બનાવવા નિમીત બનશો નીચે આપેલ લીંક પર કલીક કરીને સબસ્ક્રાઈબ કરો
http://www.saurashtrakranti.com/subscribe/

## કેન્દ્ર સરકારનો વધુ એક મોટો નિર્ણય, ઘઉંની નિકાસ પર પ્રતિબંધ બાદ

# હવે સરકાર ખાંડની નિકાસ પર પણ પ્રતિબંધ લગાવ્યો



(એજન્સી સમાચાર)
નવી દિલ્હી,તા.૨૫

વિશ્વ સહતિ દેશમાં મોંઘવારી રોકેટ ગતિએ વધી રહી છે ત્યારે સામાન્ય માણસોનું જીવવું મુશ્કેલ કરી નાખ્યું છે. વધતા ભાવથી ઘરના બજેટ ખોરવાયા છે. સરકાર જો કે મોંઘવારીને કાબૂમાં કરવાના ભરપૂર પ્રયત્નો કરી રહી છે. પહેલા પેટ્રોલ-ડીઝલના ભાવ વધારાને કાબૂમાં કરવા માટે એક્સાઈઝ ડ્યૂટી ઘટાડી, ત્યારબાદ ખાદ્ય તેલ અને ઘઉ પછી હવે ખાંડ ઉપર મોટો નિર્ણય લેવાયો છે.

કેન્દ્ર સરકારે પહેલા ઘઉની નિકાસ પર પ્રતિબંધ લગાવ્યો અને હવે પહેલી જૂનથી ખાંડની નિકાસ પર પ્રતિબંધ લગાવ્યો છે. ડી.જી.એફ.ટી દ્વારા આ અંગે મંગળવારે એક નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું. નોટિફિકેશનમાં પ્રતિબંધના કારણનો ઉલ્લેખ કરતા ડીજીએફટી સંતોષ કુમાર સારંગી તરફથી જણાવવામાં આવ્યું છે કે, ઘરેલુ બજારમાં ભાવ સ્થિર રહે અને ખાંડ સરળતાથી લોકોને ઉપલબ્ધ થઈ શકે તે માટે સરકારે આ નિર્ણય લીધો છે. નોટિફિકેશન મુજબ દરેક પ્રકારની ખાંડ જેમાં કાચી, રિફાઈન, અને સફેદનો સમાવેશ થાય છે તેની નિકાસ પર પ્રતિબંધ મૂકાયો છે.

જો કે અહીં સીએક્સએલ અને ટીઆરક્યૂ કોટા હેઠળ યુરોપિયન યુનિયન અને સંયુક્ત રાજ્ય અમેરિકાને અપવાદ રખાયા છે. જેમાં મર્યાદિત કોટામાં ખાંડ નિકાસ કરાય છે. ગ્રાહક મામલાના મંત્રાલય તરફથી આ અંગે જાણકારી અપાઈ છે. આ અગાઉ સરકાર તરફથી સનલાવર

(અનુ.પાના નં.૪ ઉપર)



**પંજાબ, યુપી, દિલ્હી સહિત ૩ લોકસભા અને ૭ વિધાનસભા બેઠકોની પેટાચૂંટણી ૨૩ જૂને યોજાશે**

સૌરાષ્ટ્ર તેમજ દક્ષીણ ગુજરાતનાં સમાચારો મેળવવા માટે આજે જ તમારા મોબાઈલમાં અમારી Sk News એપ્લિકેશન ઈન્સ્ટોલ કરો.. તેમજ સૌરાષ્ટ્ર ક્રાંતી ન્યૂઝ પેપરની વેબસાઈટ પર જઈને પણ ન્યૂઝ મેળવી શકો છો.

GET IT ON Google Play | SK NEWS | સૌરાષ્ટ્ર ક્રાંતી NEWS

www.saurashtrakranti.com

સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક

WhatsApp કરો
તમારા ન્યુઝને

'સૌરાષ્ટ્ર ક્રાંતિ'માં જર્નાલિસ્ટ બની તમે પણ ગર્વ અનુભવો
તમારી આસપાસ બનતી કોઇ પણ ઘટના,સમાચાર,સમસ્યા કે તસ્વીરોને અમારા સુધી પહોંચાડો.
કોઇપણ ઘટના કે સમાચારની વિગત

**93276 28571 ઉપર Whats App કરો**

email: saurashtrakranti@gmail.com
web: www.saurashtrakranti.com

# મોભો એ જ, માધ્યમ નવું

## યુ ટ્યુબના માધ્યમથી સૌરાષ્ટ્ર ક્રાંતી આપશે આપની સમસ્યાને વાચા




**આજે જ સૌરાષ્ટ્ર ક્રાંતીની યુ ટ્યુબ ચેનલને સબસ્ક્રાઈબ કરો અને સમાચાર મેળવો**

SUBSCRIBE
TO OUR CHANNEL
SAURASHTRA KRANTI

@saurashtrakranti/ | saurashtrakrant
SAURASHTRAKRANTI | SAURASHTRAKRANTI

Web: www.saurashtrakranti.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક

# ક્લાસિફાઇડ

## પ્રોપર્ટી, લગ્ન, નોકરી, શૈક્ષણીક, ઔષધ,યાત્રાપ્રવાસ, ધંધાદારી, વ્યવસાયલક્ષી, વાહનબજાર

**જાહેરાત માટે સંપર્ક કરો:**
**90333 44426**




**આ પેજ પર આપની જાહેરાત નજીવા દરે આપવા માટે 94097 57062 પર ફોન કરો અથવા મેસેજ કરો.**

### વડાપ્રધાન નરેન્દ્ર મોદી શનિવારે રાજકોટમાંઃ આટકોટમાં પટેલ સમાજ સંચાલિત કે.ડી.પી. હોસ્પિટલનું લોકાર્પણ કરશે

# સૌરાષ્ટ્રને આરોગ્ય ક્ષેત્રે હોસ્પિટલ સ્વરૂપે મોટી ભેટ મળીઃ ભરત બોઘરા



આટકોટઃ જસદણના આટકોટ ખાતે વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીની પ્રેરક ઉપસ્થિતિમાં શનિવારે પટેલ સમાજ સંચાલિત કે.ડી.પી. હોસ્પિટલનું લોકાર્પણ થનાર છે. જસદણના આટકોટ ખાતે આજે ગુજરાત પ્રદેશ ભાજપ અગ્રણી ડો.ભરતભાઇ બોઘરાએ મીડિયાને માહિતી આપી હતી. તસ્વીરમાં રાજકોટના ધારાસભ્ય ગોવિંદભાઇ પટેલ, પ્રદેશ ભાજપ મીડિયા સેલના રાજુભાઇ ધ્રુવ, પરેશભાઇ ગજેરા, જીતુભાઇ મહેતા સહિતના મહાનુભાવો તસ્વીરમાં નજરે પડે છે.

## ૩૫૦૦ સ્વયં સૈનિકો તૈનાતઃ કેન્દ્રીય આરોગ્ય મંત્રી મનસુખ માંડવીયા અને કૃષિ મંત્રી પુરૂષોત્તમ રૂપાલા પણ ઉપસ્થિત રહેશે







(તસવીરઃ દિલીપ ગોહેલ)



૨ કલાકમાં ૩ લાખ લોકો ભોજન લઈ શકે તેવી વ્યવસ્થા

વિશાળ મુખ્ય ડોમ અને જાહેર જનતા માટે ૪ ડોમ તૈયારઃ ૨ લાખ લીટર પીવાનું પાણી ડોમમાં રાખવામાં આવશે





૫૦૦ વિઘા જમીનમાં પાર્કિંગની વ્યવસ્થા ઉભી કરાઈ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૬

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૮મીએ રાજકોટ આવી રહ્યા છે અને આટકોટ ગામે બનાવેલી પટેલ સમાજ સંચાલિત કે.ડી.પી. હોસ્પિટલનું લોકાર્પણ કરશે. જ્યાં મોદીની સભામાં અંદાજિત ૩ લાખ લોકો એકઠા થશે. અને આ માટે વ્યવસ્થાના ભાગ રૂપે ૩૫૦૦ સ્વયંસૈનિકો સભા સ્થળ પર તૈનાત રહેશે.

આટકોટ ખાતે નવનિર્મિત હોસ્પિટલ અને સભા સ્થળ તેમજ પાર્કિંગ સ્થળ માટે પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

વડાપ્રધાન મોદીના કાર્યક્રમ અંગે હોસ્પિટલના મેનેજીંગ ટ્રસ્ટી અને ભાજપ ઉપાધ્યક્ષ ભરત બોઘરાએ પત્રકાર પરિષદનું આયોજન કર્યું હતું. જ્યાં તેમણે જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્રના આરોગ્ય ક્ષેત્રે આ હોસ્પિટલ સ્વરૂપે મોટી ભેટ મળી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સાડા ચાર વર્ષ પહેલાં જાહેરસભા કરી હતી, ત્યારપછી આગામી ૨૮ તારીખે જાહેર સભા સંબોધશે. જ્યાં તેમની સાથે કેન્દ્રીય આરોગ્યમંત્રી મનસુખ માંડવીયા અને કૃષિમંત્રી પુરૂષોત્તમ રૂપાલા પણ ઉપસ્થિત રહેશે. પ્રધાનમંત્રી આ કાર્યક્રમમાં એક પણ સરકારી બસનો ઉપયોગ કરવામાં નથી આવ્યો. ૨૫૦ કરતા વધુ ખાનગી બસમાં લોકો સ્વયંભૂ આવશે.

આ ઉપરાંત હોસ્પિટલના અન્ય ટ્રસ્ટી પરેશ ગજેરાએ જણાવ્યું હતું કે, શનિવારે સૌરાષ્ટ્રભરમાંથી ૩ લાખ કરતા વધુ લોકો લોકાર્પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. જે માટે સભા સ્થળની આસપાસ અને નજીક ૫૦૦ વિધા જમીનમાં પાર્કિંગની વ્યવસ્થા ઉભી કરાઈ છે. આ સાથે વિશાલ મુખ્ય ડોમ અને જાહેર જનતા માટે ૪ ડોમ તૈયાર કરવામાં આવ્યો છે. તથા ૪ હેલીપેડ તૈયાર કરવામાં આવ્યા છે. ૧૫૦૦ જેટલા સ્વયંસૈનિકો પાર્કિંગમાં અને ટ્રાફિક મેનેજમેન્ટ માટે સેવા આપશે. જયારે ૨૦૦૦ સ્વયંસૈનિકો બેઠક વ્યવસ્થામાં ખડેપગે રહેશે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, ઉનાળાને કારણે લોકોને પીવાનું પાણી મળી રહે તે માટે ૨ લાખ લીટર પીવાનું પાણી ડોમમાં રાખવામાં આવશે અને જે લોકો જાહેર સભામાં આવે તેમને ભોજન માટે પણ ખાસ વ્યવસ્થા કરાઈ છે. જ્યાં ૨ કલાકમાં ૩ લાખ લોકો ભોજન લઈ શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. આ કાર્યક્રમમાં ગુજરાત સરકારના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલ સહિત રાજ્ય સરકારનું મંત્રી મંડળ ઉપસ્થિત રહેશે. કલેક્ટરના અધ્યક્ષસ્થાને વડાપ્રધાનના આગમનની તૈયારીને લઈને સમીક્ષા બેઠક બોલાવાઈ હતી જેમાં નક્કી કરાયું છે કે, પીએમ જ્યારે આવે ત્યારે તેમની આસપાસ રહેનારા તમામ અધિકારીઓ અને કર્મચારીઓ તેમજ સ્ટેજ પર કે સ્ટેજની આસપાસના તમામના કાર્યક્રમ પહેલા આરટીપીસીઆર ટેસ્ટ કરાશે. વડાપ્રધાન હવાઈ માર્ગે આટકોટ પહોંચવાના હોવાથી કાર્યક્રમ સ્થળે હેલિપેડ, કોન્વોયની કામગીરી ફાયર સેફ્ટી, મેડિકલ ટીમ તેમજ કાર્યક્રમ સ્થળે જ્યાં મેદની છે ત્યાં એમ્બ્યુલન્સ રાખવા માટે આદેશ અપાયા છે.

# જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના બિયારણનું ખેડૂતોમાં આકર્ષણ

જૂનાગઢ,તા.૨૬

ખેડૂતોને લાઇનોમાંથી મુક્તિ આપવા યુનિવર્સિટી દ્વારા છેલ્લા બે વર્ષથી બિયારણ ખરીદતા ખેડૂતો માટે ઓનલાઈન અરજીઓ મંગાવવાની સિસ્ટમ અમલી બનાવેલ છે.

બાદમાં તેનો ઓનલાઈન ડ્રો કરી પસંદ થયેલ ખેડુતોને તેમના મોબાઈલ પર જ મેસેજથી જાણ કરવામાં આવતી હતી. જેથી ખેડૂતોને યુનિવર્સિટીએ ધક્કો થતો બંધ થયો હતો.

તેમજ કલાકો સુધી લાઈનમાં ઉભા રહેવામાંથી પણ છુટકારો મળ્યો હતો. યુનિવર્સિટીનો મેસેજ મળતા ખેડૂતો આવી નાણા ભરી પોતાનું બિયારણ મેળવી લે છે. તેવી જ રીતે આ વર્ષે પણ મગફળીની વિવિધ જાત અને સોયાબીનનું બિયારણ ખરીદવા કૃષિ યુનિવર્સિટીએ ઓનલાઈન પ્રક્રિયા શરૂ કરેલ જેમાં ૧૮,૬૬૮ અરજીઓ મળી છે. અરજી કરનારા ખેડૂતોને હાલ બિયારણનું વિતરણ શરૂ કરવામાં આવ્યું છે. જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા સર્ટીફાઇડ બિયારણ ખરીદી કરવી હોય તેઓ માટે ઓનલાઇન જાહેરાત કરવામાં આવી હતી. જેના બિયારણ ખરીદવા માટે ૧૮,૬૬૮ ખેડૂતોની અરજીઓ યુનિ.ને મળી છે. જે ખેડૂતોએ અરજી કરેલ તેમને મગફળી અને સોયાબીનનું બિયારણ વિતરણ કરવાનું ચાલુ કરવામાં આવેલ છે. અગાઉ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતેથી વિવિધ સર્ટિફાઇડ બિયારણ ખરીદવા માટે રાજ્યભરમાંથી ખેડૂતોનો ધસારો રહેતો હતો. બિયારણ વેચાણની જાહેરાત થતા જ ખેડૂતો જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ઉમટી પડતા અને બિયારણ ખરીદવા લાઈન લગાવતા જોવા મળતા હતા. ક્યારેક તો ખેડૂતો રાત્રીના સમયે યુનિવર્સિટી ખાતે આવી જતા હતા.

### ગર્વ ફાઉન્ડેશન દ્વારા ગાંધીનગર ખાતે

## પીએસઆઇ જીગ્નેશ ગઢવીનું ગર્વ એવોર્ડથી સન્માન



રાજકોટઃ ગર્વ ફાઉન્ડેશન ગાંધીનગર દ્વારા પોલીસ વિભાગની દેશસેવાથી પ્રભાવીત થઇને પોલીસ કર્મીઓને સન્માનવા એક ગર્વ એવોર્ડ કાર્યક્રમનું આયોજન રાખવામાં આવ્યું હતું. જેમાં હાલ જુનાગઢ ખાતે પીએસઆઇ તરીકે ફરજ બજાવતા જીગ્નેશ જબરદાન ગઢવીનું ગર્વ એવોર્ડ આપીને સન્માન કરાયું હતું.

# રાજકોટમાં કાલે રાજયસ્તરીય પ્રબોધન મહાસંમેલન



## રાષ્ટ્રીય પરિવર્તન મોરચા, ભારત મુક્તિ મોરચા અને બહુજન ક્રાંતિ મોરચા દ્વારા આયોજન

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૬

રાષ્ટ્રીય પરિવર્તન મોરચા (સામાજિક), ભારત મુક્તિ મોરચા તેમજ બહુજન ક્રાંતિ મોરચાના સંયુક્ત ઉપક્રમે મહાનાયક /મહાનાયિકાઓની સામૂહિક જયંતી અંતર્ગત રાજ્ય સ્તરિય પ્રબોધન મહાસંમેલન તા.૨૭ને શુક્રવારના રોજ સાંજે ૫ થી ૧૦ વાગ્યા સુધી અરવિંદભાઈ મણીયાર હોલ, જ્યુબિલી ગાર્ડન, ત્રિકોણબાગ પાસે રાજકોટ ખાતે યોજાવા જઈ રહ્યું છે.

આ સંમેલનનું ઉદઘાટન જીગ્નેશ કાલાવાડિયા (રાષ્ટ્રીય અધ્યક્ષ - અખિલ ભારતીય પત્રકાર સુરક્ષા સમિતિ) દ્વારા કરવામા આવશે. વામન મેશ્રામ (રાષ્ટ્રીય સંયોજક રાષ્ટ્રીય પરિવર્તન મોરચા -સામાજિક -ન્યુ દિલ્હી) દ્વારા આ સંમેલનની અધ્યક્ષતા કરવામાં આવશે.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે હેમસીંગ રાહુલ, પ્રવિણભાઇ પરમાર, કાનજીભાઈ પરમાર, પ્રકાશ સિંઘવ, એડ. નરેન્દ્ર અઘેરા વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

આ કાર્યક્રમને ભારતીય વિદ્યાર્થી મોરચા શહેર પ્રમુખ-નિશાંત ભોજાણી, ભારતીય યુવા મોરચા શહેર પ્રમુખ - ભીમજીભાઈ સિંધવી, રાષ્ટ્રીય મુળ નિવાસી મહિલા સંઘ શહેર પ્રમુખ-હેતલબેન ચાવડા, બુધ્ધિસ્ટ ઈન્ટરનેશનલ નેટવર્ક શહેર પ્રમુખ - વિનય સાગર - અનિત્ય, ભારત મુક્તિ મોરચા જિલ્લા પ્રમુખ રાજુભાઈ પરમાર, ભારતીય બેરોજગાર મોરચા જિલ્લા પ્રમુખ હિરેન પરમાર, રાષ્ટ્રીય કિસાન મોરચા શહેર પ્રમુખ - કરશનભાઈ પરમાર, રાષ્ટ્રીય મુસ્લિમ મોરચા યુનુસ સપા, અને યુવા ભીમ સેના રાષ્ટ્રીય અધ્યક્ષ -ડિ.ડિ. સોલંકી દ્વારા સમર્થન આપવામાં આવ્યું છે.

# એસ.એસ.આઈ.ટી.ભાટ કોલેજનું ગૌરવ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૬


૧૧ મોં ખેલ મહાકુંભનું રાજ્યકક્ષાએ કરાટે સ્પર્ધાનું ગત તા.૧૪ થી ૧૭ મેના રોજ નડિયાદ, ખેડા ખાતે આયોજન થયું હતું. જેમાં શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટીટ્યૂટ ઓફ ટેકનોલોજી, ભાટ, ગાંધીનગરના કરાટે કોચ ગોહિલ રજતસિંહના સાનિધ્યમાં તાલીમ મેળવેલ પ્રથમ વર્ષ કમ્પ્યુટર ઇજનેરી શાખામાં અભ્યાસ કરતા પંચાલ દેવેશ સંજયભાઈએ ૪૦ થી ૪૫ કિલોગ્રામ વજન ગ્રુપમાં પ્રથમ ક્રમ મેળવી સુવર્ણ પદક હાંસિલ કરેલ છે.

જે સંસ્થા માટે ખૂબ જ ગર્વની વાત છે.

આ ઉપરાંત પુના ખાતે કરાટે ઇન્ડિયન ઓર્ગનાઈઝેશનની નેશનલમાં ૪૫ થી ૫૦ કિલોગ્રામમાં પણ પસંદગી પામેલ છે.

તેમાં પણ આજ રીતે પ્રગતિ હાંસિલ કરે તેવી શુભેચ્છા સંસ્થાના ડિરેક્ટર ધર્મેશ વંડરા અને પ્રિન્સિપાલ હિતેશભાઈ વંડરા, કોમ્પુટર વિભાગના વડા ડો.વિજય ગઢવી, કોચ ગોહિલ રજતસિંહ અને સમસ્ત કોલેજ પરિવારે પાઠવી હતી.(૧૩)


# કિશનભાઈ મારૂનો આજે જન્મદિવસ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટઃ કિશનભાઈ દીપકભાઈ મારૂનો આજે જન્મદિન છે. તેઓ હાલ વકીલાતનો અભ્યાસ કરી રહ્યા છે સાથે શહેરના ક્લેઇમ કેસોના નિષ્ણાંત એડવોકેટ શ્યામભાઈ ગોહેલ સાથે પ્રેકિટસ કરી રહ્યા છે. કિશનભાઈએ ૨૦ વર્ષ પૂર્ણ કરી ૨૧માં વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે. તેઓએ એચ.એન.શુકલા કોલેજમાં સ્નાતકનો અભ્યાસ કર્યા બાદ હવે એલએલબીનો અભ્યાસ શરૂ કર્યો છે. તેમની ઉજ્જવળ કારકિર્દી માટે સિનિયર - જુનિયર વકીલો અને સ્નેહીજનો મો.નં. ૮૧૨૮૧ ૩૧૪૭૧ ઉપર શુભેચ્છા પાઠવી રહ્યા છે. 'સૌરાષ્ટ્ર ક્રાંતી' પરિવાર તરફથી જન્મદિવસની શુભકામનાઓ...

# માટી-મોરમ ઉપાડવાની મુદ્દત વધારી આપોઃ બાવકુભાઈ ઉંધાડ



**(કિરીટ જોટવા દ્વારા)**
વડિયા, તા.૨૬

ઉનાળો આવતા જ નદી, ચેકડેમ, તળાવ અને જળાશયોના તળિયા દેખાતા ખેડૂતોને પોતાની જમીનમાં ફળદ્રુપતા વધારવા માટે અને જમીન સમતલ કરવા માટે માટી, મોરામ, ટાંચ ઉપડવાની મંજુરી મળતા જળ સંગ્રહ વધારવા સાથે ખેતી માટે ઉપયોગી યોજના સુજલામ સુફલામ અંતર્ગત છૂટ આપવામાં આવે છે.

તેની મુદત તા. ૩૧/૫ના રોજ પૂર્ણ થતી હોય પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુ ઊંધાડ દ્વારા રાજયના મુખ્યમંત્રી, કૃષિમંત્રી અને સિંચાઈ મંત્રીને પત્ર લખી ખેડૂતોના હિતમાં આ મુદત વધારવા માંગણી કરવામાં આવી છે.(૫)



PACKAGINGHUB
प्रोडक्ट आपका,
सजावट हमारी ।
Hitesh Kakadia | 93777 75636
6-Mira Udhyog, Plot No.27,
Nr, Ajay Weight Brige Rajkot-360003
www.packaginghub.in e-mail : hitesh@packaginghub.in

# તંત્રી સ્થાનેથી...

## સાયબર બુલિંગ...

બ્રિટનમાં ૩૯% બાળકો સાયબર બુલિંગનો ભોગ બન્યા, બાળકોને મેસેજ, સોશિયલ મીડિયા અને ઓનલાઈન ગેમિંગ દ્વારા હેરાન કરવામાં આવે છે. પહેલાં બાળકો એકબીજાને સામેથી ધમકાવતાં હતાં, પરંતુ હવે ધીમે ધીમે આ એક્ટિવિટી પણ ડિજિટલ ફોર્મમાં રૂપાતંરિત થઈ રહી છે. બ્રિટનની ઓફિસ ઓફ કોમ્યુનિકેશન્સના નવા રિપોર્ટના અનુસાર, દેશમાં ૮થી ૧૭ વર્ષના ૩૯% બાળકો સાયબર બુલિંગનો ભોગ બની રહ્યાં છે. ઘરભજ્ઞળના રિપોર્ટના અનુસાર,૫૬% બાળકો ટેક્સ્ટ અને મેસેજ દ્વારા સાયબર બુલિંગનો ભોગ બન્યા.

રિપોર્ટના અનુસાર,૫૬% બાળકો ટેક્સ્ટ અને મેસેજ દ્વારા સાયબર બુલિંગનો ભોગ બન્યા. ઓનલાઈન બુલિંગના પ્રકારને જ સાયબર બુલિંગ કહેવામાં આવે છે. સાદા શબ્દોમાં કહીએ તો કોઇને દાદાગીરી કે જોર-જબરદસ્તીથી ધમકાવવું. તેમાં કેટલાંક બાળકો બળનો ઉપયોગ કરી અથવા ધમકાવીને બીજા બાળકોને હેરાન કરે છે, તેમને ત્રાસ આપે છે અથવા તેમના પર મનોવૈજ્ઞાનિક રીતે હાવી થવાનો પ્રયાસ કરે છે. બાળકોમાં આવો વ્યવહાર સમગ્ર દુનિયામાં જોવા મળે છે. રિસર્ચમાં જણાવ્યા પ્રમાણે, સાયબર બુલિંગથી પીડિત ૩૯% બાળકોમાં સામ-સામે (૬૧%) કરતાં ઓનલાઈન બુલિંગ (૮૪%) ગુંડાગીરીની શક્યતા વધારે છે. ઘરભજ્ઞળના રિપોર્ટ અનુસાર, ૫૬% બાળકો ટેક્સ્ટ અને મેસેજ દ્વારા સાયબર બુલિંગનો ભોગ બન્યા. તેમજ ૪૩% બાળકો સોશિયલ મીડિયાથી અને ૩૦% બાળકો ઓનલાઈન ગેમિંગથી હેરાન થયા. ઘર .com ના રિપોર્ટના અનુસાર, છોકરાઓ કરતાં છોકરીઓને સાયબર બુલિંગનું જોખમ વધારે હોય છે. તેમજ બે તૃતીયાંશ માતાપિતાને ચિંતા છે કે તેમનું બાળક ઓનલાઈન બુલિંગનો ભોગ બને છે. ઓનલાઈન ગેમ્સ રમતા ૫૨%થી વધારે બાળકોના પેરેન્ટ્સને લાગે છે કે તેમનું બાળક ગેમિંગ દરમિયાન હેરાન થાય છે. જો કે, ૯૩% બાળકોનું કહેવું છે કે, હેરાન થવા પર તેઓ કોઈને આ વાતની જાણકારી આપે છે. ડો. રાધા મોદગિલ કહે છે કે બાળકો માટે સાયબર બુલિંગ જોખમકારક હોઈ શકે છે. તેઓ સતત દર મિનિટ, દરરોજ એક બાળકને પરેશાન કરી શકે છે. ડો. રાધાનું કહેવું છે કે સાઈબર બુલિંગનું એક પાસું ગુમનામી પણ છે. લોકો પોતાની ઓળખ છુપાવીને કોઈને પણ હેરાન કરી શકે છે. આવી સ્થિતિમાં કોઈ બાળકને સરળતાથી ડરાવી-ધમકાવી શકાય છે. બ્રિટનની ઓફિસ ઓફ કોમ્યુનિકેશન્સના નવા રિપોર્ટના અનુસાર, દેશમાં ૮થી ૧૭ વર્ષના ૩૯% બાળકો સાયબર બુલિંગનો ભોગ બની રહ્યાં છે. ઘરભજ્ઞળના રિપોર્ટના અનુસાર,૫૬% બાળકો ટેક્સ્ટ અને મેસેજ દ્વારા સાયબર બુલિંગનો ભોગ બન્યા.

# રાજકોટ ક્રાઈમ

## આધેડે ઝેરી દવા પી જીંદગી ટૂંકાવી

રાજકોટ: કોઠારીયા કોલોની ક્વાર્ટર નં. ૭૧ માં રહેતાં અને કરિયાણાની દુકાન ચલાવતા રસિકભાઇ મોહનભાઇ કાલરીયા (ઉ.વ.૫૮) નામના પટેલ વેપારીએ ઝેરી ટીકડીઓ પી આપઘાત કરી લેતાં પરિવારમાં શોક છવાઇ ગયો છે. આ અંગેની પ્રાપ્ત વિગતો અનુસાર રસિકભાઇ ઘરે ઝેરી દવા પી જતાં ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા. પરંતુ દમ તોડી દીધો હતો. બનાવની જાણ થતાં ભક્તિનગરના હેડકોન્સ. નરેન્દ્રભાઇએ જરૂરી કાર્યવાહી કરી હતી. આપઘાત કરનાર રસિકભાઇ ચાર ભાઇમાં નાના હતાં. સંતાનમાં એક પુત્ર છે. પરિવારજનોના કહેવા મુજબ રસિકભાઇને મોઢામાં ચાંદા પડયા હોઇ તેમને એવો ભય હતો કે પોતાને કેન્સર થઇ જશે. આથી ગભરાઇને તેમણે આ પગલુ ભરી લીધાની શક્યતા છે. પોલીસે તપાસ યથાવત રાખી છે.

## યુવતીનું ગળેફાંસો ખાઈ મોત

રાજકોટ: આજીડેમ ચોકડી પાસે શ્યામકિરણ-૩ માં રહેતી કમળા કાંતિભાઇ ચાવડા (ઉ.વ.૧૭) નામની વણકર યુવતિએ ઘરે કોઇ નહોતું ત્યારે છતના હુકમાં દોરડું બાંધી ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ છે. તે ત્રણ બહેન એક એક ભાઇમાં બીજી હતી અને ઇમિટેશનનું કામ કરતી હતી. ઘરના બધા લોકો કામે ગયા હતાં ત્યારે આ પગલુ ભર્યુ હતું. નાનો ભાઇ બાદલ ઘરે આવ્યો ત્યારે ઘટનાની જાણ થઇ હતી. આપઘાત નું કારણ જાણવા આજીડેમ પોલીસે તપાસ હાથ ધરી છે.

## પિતાને જાનથી મારી નાખવાની પુત્રની ધમકી

રાજકોટ: શહેરના રૈયાધાર વિસ્તારમાં આવેલા દલિતનગરમાં રહેતા વજુભાઈ ભુરાભાઈ પરમાર નામના વૃદ્ધે તેમના પુત્ર પ્રફુલ ઉર્ફે ઘોઘી વજુભાઈ પરમાર સામે માર મારી ગાળો ભાંડીને જાનથી મારી નાંખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાવી છે. વજુભાઈ પરમારે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે ગત તા.૨૨ મે ના રોજ તેઓ પોતાના ઘરે હતા ત્યારે મોડીરાત્રે તેમનો પુત્ર પ્રફુલ ઉર્ફે ઘોઘી આવ્યો હતો. પિતાએ ઘેર કેમ મોડો આવ્યો છે તેમ કહેતા પ્રફુલ ઉશ્કેરાયો હતો અને પિતા પર હુમલો કરી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. વજુભાઈ ભુરાભાઈ પરમારે પુત્ર પ્રફુલ ઉર્ફે ઘોઘી સામે ફરિયાદ નોંધાવતા પોલીસે આઈપીસીની કલમ ૩૨૩, ૫૦૪ અને ૫૦૬ (૨) મુજબ ગુનો નોંધી આ અંગેની તપાસ હાથ ધરી છે.

## એસિડ ગટગટાવતા પ્રૌઢનું મોત

રાજકોટ: દારૂના નશામાં પ્રૌઢે એસિડ પી લીધું હતું. આધેડનું મોત નિપજતા પરિવારમાં અરેરાટી સાથે શોકની લાગણી પ્રસરી છે. આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટમાં પરાપીપળીયાના ભાટીયા પાસે નંદન સોસાયટીમાં આવેલા ૨૫ વરીયા કવાર્ટરમાં રહેતા ભરતભાઇ કલ્યાણજીભાઇ દુધૈયા નામના ૪૫ વર્ષના પ્રૌઢ પોતાના ઘરે હતા ત્યારે રાત્રીના સાડા નવેક વાગ્યાના અરસામાં દારૂના નશામાં ભૂલથી પાણીના બદલે એસિડ પી લીધુ હતું. પ્રૌઢને ઝેરી અસર થતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જયા તેમનું સારવાર દરમિયાન મોત નિપજતા પરિવારમાં અરેરાટી સાથે શોકની લાગણી પ્રસરી છે.

## ૧૩ વર્ષની સગીરા લાપતા

રાજકોટ: ભાવનગર રોડ પર કારખાનાની ઓરડીમાં રહેતી બીહારની ૧૩ વર્ષની સગીરા વસ્તુ લેવા જવાનું કહી નીકળ્યા બાદ પરત ન આવતા આજીડેમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઇ છે. મૂળ બીહારના બહનોલ ગામની હાલ ભાવનગર રોડ પર આવેલા કારખાનાની ઓરડીમાં રહેતી ૧૩ વર્ષની સગીરા ગત તા.૧૩ મે ના રોજ પોતાના ઘરેથી 'વસ્તુ લેવા જાવ છું' કહીને નીકળ્યા બાદ પરત ન આવતા તેના પરિવારજનોએ તેની શોધખોળ હાથ ધરી હતી. પરંતુ તેનો કોઇ પત્તો ન લાગતા તેના પરિવારજનોએ આજીડેમ પોલીસ મથકમાં જાણ કરતા પોલીસે અજાણ્યા શખ્સ વિરૂધ્ધ અપહરણની કલમ હેઠળ ગુનો દાખલ કરી પી.એસ.આઇ. એ. જે. પરમારે તપાસ હાથ ધરી છે.

### સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિએ બેઠકમાં નિર્ણય લીધો

# હવે યુજીસીના નિયમ પ્રમાણે જ કોલેજ-કોર્સને મંજૂરી મળશે




(એજન્સી સમાચાર)

રાજકોટ,તા.૨૬

ગુજરાતની તમામ યુનિવર્સિટીઓમાં દરવખતે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું નામ ચર્ચાઓમાં જ રહેતું હોય છે ત્યારે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ૭ સિન્ડિકેટ સભ્યના પદ રદ થયા બાદ તુરંત જ કુલપતિ ડૉ. ભીમાણીએ સિન્ડિકેટની બેઠક બોલાવી હતી અને જુદા જુદા મુદ્દાઓ અંગે નિર્ણય કર્યા હતા. સિન્ડિકેટની બેઠકમાં ચર્ચાયેલા મુખ્ય મુદ્દાઓ પૈકી હવે જે કોલેજને જોડાણ કે કોર્સની મંજૂરી મેળવવી હશે તે તમામ કોલેજોએ યુજીસીના નિયમો પ્રમાણે સુવિધા-વ્યવસ્થા બતાવવી પડશે કોઈ ભલામણ કે લાલિયાવાડી નહીં ચાલે. સિન્ડિકેટની બેઠકમાં અગાઉ જેટલા દાતાઓએ યુનિવર્સિટીમાં દાન આપ્યું હતું તે તમામ દાનની રકમને સિન્ડિકેટમાં મંજૂર કરવામાં આવી હતી. માધવીબેન કડવાતરને હોમિયોપેથીના કેસ મુદ્દે ૧.૩૦ લાખની સહાય આપવા નિર્ણય કરાયો. નોન ટીચિંગમાં કર્મચારીને ઓવરટાઈમમાં વેતન વધારો સહિતના જુદા જુદા મુદ્દે સિન્ડિકેટમાં ચર્ચા કરવામાં આવી હતી. કેટલીક બી.એડ. કોલેજ તેની નોંધાયેલી જગ્યાને બદલે જુદી જ જગ્યાએ ચાલતી હોવાથી વિવાદ થયો હતો જેમાં શહેરની હરિવંદના કોલેજ મુંજકામાં ચાલે છે પરંતુ તેની નોંધણી બેડીના હડમતિયામાં થયેલી છે તેની તપાસ થતા હરિવંદના કોલેજને બી.એડ.માં નવા એડમિશન નહીં કરવા આદેશ કર્યો છે.

## દેશની સૌરઉર્જા ક્ષમતામાં જબરો વધારોઃ ગત વર્ષની તુલનાએ માર્ચ ક્વાર્ટરમાં ૫૦ ટકા વૃદ્ધિઃ માર્ચ ત્રિ-માસિક ગાળામાં 3,000 મેગાવોટથી વધુની સૌર ઉર્જા ક્ષમતા સ્થાપિત કરાઈ



# ચુનારાવાડમાં મકાનના ડખ્ખામાં બઘડાટીઃ પાંચને ઈજા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ તા. ૨૬: ચુનારાવાડ-૮માં રહેતાં પરિવારો વચ્ચે મકાનના મનદુઃખમાં ડખ્ખો થતાં છરી-ધોકાથી મારામારી થતાં પાંચને ઇજા થઇ હતી. ચુનરાવાડમાં રહેતાં અને શેડ ફીટીંગનું કામ કરતાં ભીખુભાઇ મેપાભાઇ સોલંકી (ઉ.૪૦) અને તેના પત્ની લાભુબેન (ઉ.૩૮) રાતે ઘરે હતાં ત્યારે મકાનના નીચેના માળે જ રહેતાં ભાણેજ કુલદીપે છરીથી હુમલો કરી ઇજા કરતાં સિવિલમાં દાખલ થયા હતાં. ભીખુભાઇને બહેનો અને માતા સાથે મકાન બાબતે મનદુઃખ ચાલતું હોઇ ભાણેજે આ હુમલો કર્યાનું જણાવાયું હતું.સામા પક્ષે લાભુબેનના દેરાણી સુનિતાબેન રાજુભાઇ સોલંકી, રંજનબેન રફાજી ઠાકોર (ઉ.વ.૫૦) અને સાસુ પ્રેમીબેન મેપાભાઇ સોલંકી (ઉ.વ.૯૦) પણ પોતાના પર આકાશે છરી, ધોકાથી હુમલો કર્યાની રાવ સાથે સિવિલમાં દાખલ થતાં હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂએ થોરાળા પોલીસને જાણ કરી હતી.

## મહિલા પર હુમલો

ભાવનગર રોડ પર રાજમોતી મીલ પાછળ મફતીયાપરામાં રહેતાં જસુબેન વિજયભાઇ શાપરા (ઉ.વ.૫૩) નામના કોળી મહિલાને સવારે આઠેક વાગ્યે ઘર નજીક અરવિંદ ગઢવીએ ઇંટ, ધોકાથી હુમલો કરી ઇજા પહોંચાડતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા છે. જસુબેનના ઘર પાસે તેમની રેતી પડી હોય તે ભરતા હોય ત્યારે પડોશી અગાસી ધોતાં હોય તેમને જસુબેને પોતે રેતી ભરી લે પછી અગાસી ધોવાનું કહેતાં બોલાચાલી કરી હુમલો કરાયાનું પરિવારજને જણાવ્યું હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફે થોરાળા પોલીસને જાણ કરી હતી.

## સસરાએ ઇંટ ફટકારી

લોધિકાના દેવડામાં રહેતી સોનલબેન રાજુ વાઘેલા (ઉ.વ.૨૫)ને રાતે તેના સસરા ગાંડુભાઇએ કોઇ કારણે ઝઘડો કરી ઇંટ, લાકડાથી માર મારતાં રાજકોટ સિવિલમાં દાખલ થતાં ચોકીના હેડકોન્સ. રામશીભાઇ વરૂએ લોધીકા પોલીસને જાણ કરી હતી.

## થોરાળામાં યુવક પર લાકડીથી હુમલો

રાજકોટ: શહેરમાં નાના મોટા અનેક નાનામારીના બનાવો બને છે ત્યારે થોરાળા રામાપીરના મંદિર પાસે શેરી નં. ૫માં રહેતાં મિલન કિશનભાઇ કબીરા (ઉ.વ.૨૩) પર રાતે શામજી, દિલીપ, સંજય અને દિલીપે છરી-લાકડીથી હુમલો કરી ઇજા કરતાં સિવિલમાં ખસેડાતાં થોરાળા પોલીસને જાણ કરાઇ હતી.

## બનેવીને સમજાવવા જતાં હુમલો

નવાગામ આવાસમાં રહેતાં કિશન ભૂપતભાઇ જાલસણીયા (ઉ.૨૨)ને રાતે માંડા ડુંગર પાસે માધવ વાટીકામાં બહેન કાજલના ઘરે હતો ત્યારે બનેવી મહેશે માર મારતાં સિવિલમાં દાખલ થયો હતો. બહેન કાજલે ભાઇને ફોન કરી પતિ મહેશ ઝઘડો કરતો હોવાનું કહેતાં કિશન બનેવીને સમજાવવા જતાં હુમલો કરાયો હતો. સાથે હરેશ પણ સામેલ હોવાનો આક્ષેપ કરાયો હતો. બનાવ અંગે આજીડેમ પોલીસને જાણ કરાઇ હતી.

# ૧ કિલોથી વધુના ગાંજા સાથે યુવક ઝડપાયો

## કુલ ૫૬,૨૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી




(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૬

રાજકોટ શહેર એસઓજી પોલીસ દ્વારા માદક પદાર્થ ગાંજા સાથે એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે આરોપી પાસેથી ૧.૪૦૦ કિલોગ્રામ ગાંજા સાથે કુલ ૫૬,૨૦૦ નો મુદામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. રાજકોટ જ્યત્રદ્ઘ પોલીસે બાલાજી હોલ પાછળ આવાસ યોજનાના ક્વાર્ટર નજીક શંકાસ્પદ હાલતમાં જોવા મળતા તેને અટકાવી તલાસી લેતા તેની પાસેથી માદક પદાર્થ ગાંજાનો જથ્થો કબ્જે કરવામાં આવ્યો છે. પોલીસે આરોપીની પુછપરછ કરતા તેનું નામ અબ્દુલ કાદરી ઉર્ફે નાનું મેતર હોવાનું સામે આવ્યું છે જે પોતે ફ્રૂટની લારી ચલાવે છે અને તેની પાસેથી પોલીસને ૧૪,૦૦૦ કિંમતનો ૧.૪૦૦ કિલોગ્રામ ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે આરોપી પાસેથી ગાંજા સહિત કુલ ૫૬,૨૦૦ નો મુદામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે. આજ રોજ પકડાયેલ ગાંજાના જથ્થામાં અબ્દુલ ની સાથે વધુ એક આરોપી બિલાલ મેતરનું નામ સામે આવતા તેની શોધખોળ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે ફરાર આરોપી બિલાલ સામે અગાઉ રાજકોટ શહેરમાં અલગ અલગ પોલીસ સ્ટેશન ખાતે પ્રોહિબિશન તેમજ NDPS ના કેસમાં પોલીસ હાથે ઝડપાઇ ચુક્યો છે.

### નિયમ તોડનારાઓને મુશ્કેલીનો સામનો કરવો પડશે

# ૨૦ લાખથી વધુના બેન્કિંગ વ્યવહારો માટે પાન અને આધાર ફરજી યાત

(એજન્સી સમાચાર)

નવી દિલ્હી, તા.૨૬

હવે એક વર્ષમાં ૨૦ લાખ રૂપિયાથી વધુના બેન્કિંગ વ્યવહારો માટે PAN અને આધાર ફરજિયાત કરવામાં આવ્યા છે. બોર્ડે મેની શરૂઆતમાં એક નોટિફિકેશન બહાર પાડ્યું હતું. જેમાં જણાવ્યું હતું કે, હવે ગ્રાહકોએ એક વર્ષમાં ૨૦ લાખ રૂપિયાથી વધુ જમા કરવા અથવા ઉપાડવા માટે ફરજિયાતપણે તેમના પાન અને આધાર કાર્ડ રજૂ કરવા પડશે. આવકવેરા નિષ્ણાતોનું કહેવું છે કે કરચોરી રોકવામાં આ પગલું સફળ થશે. તેમણે કહ્યું કે આ નિયમથી વ્યવહારોમાં પારદર્શિતા વધશે. તેમજ હવે બેંકો, પોસ્ટ ઓફિસ કે સહકારી મંડળીઓએ ૨૦ લાખથી વધુના વ્યવહારોની માહિતી આપવી પડશે.

આ સિવાય હવે કોઈપણ બેંક અથવા પોસ્ટ ઓફિસમાં કરંટ એકાઉન્ટ અથવા કેશ ક્રેડિટ એકાઉન્ટ ખોલવા માટે ગ્રાહકે પોતાના PAN અને આધારની માહિતી પણ આપવી પડશે. હાલમાં, આવકવેરા વિભાગના કેસોમાં દરેક જગ્યાએ પાનનો ઉપયોગ થાય છે. દરેક કરદાતા માટે ટેક્સ પોર્ટલ પર તેમનું પાન કાર્ડ અપડેટ કરવાનું ફરજિયાત બનાવવામાં આવ્યું છે. જો કે, નવા નિયમમાં ગ્રાહકોને થોડી છૂટ આપવામાં આવી છે, જે આવતીકાલથી અમલમાં આવશે. સીબીડીટીએ કહ્યું છે કે આ પગલું માત્ર કરચોરી રોકવા માટે લેવામાં આવી રહ્યું છે.

જો બેંકમાં ટ્રાન્ઝેક્શન કરતી વખતે કોઈ વ્યક્તિ પાસે પાન કાર્ડ નથી, તો તે આધારની બાયોમેટ્રિક ઓળખ આપી શકે છે. ટેક્સ નિષ્ણાતો કહે છે કે મોટા વ્યવહારોમાં PAN વગતો આપવાથી કરચોરીને રોકવામાં સરળતા રહેશે અને સરકારની આવકમાં વધારો થશે.કરદાતાઓ અને મોટા ટ્રાન્ઝેક્શન કરનારાઓ માટે આ ખૂબ જ મહત્વપૂર્ણ સમાચાર છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિસ (CBDT) એ તાજેતરમાં જ બહાર પાડવામાં આવેલ નોટિફિકેશનમાં જણાવ્યું છે કે, ૨૬ મેથી ટ્રાન્ઝેકશન સંબંધિત આવકવેરા નિયમોમાં મોટા ફેરફારો કરવામાં આવી રહ્યા છે.

## જુગાર રમતા પાંચ શખ્સો ઝડપાયા

રાજકોટ: આશાપુરા સોસાયટી શેરી નં.૩માં બંધબારણે જુગાર રમતા પાંચ શખ્સોને રૂ. ૧૧ હજારની રોકડ સાથે ભકિતનગર પોલીસે દબોચી કાયદેસરની કાર્યવાહી કરી હતી. દરોડાની વિગત અનુસાર ભકિતનગર પોલીસ મથકના પીએસઆઇ એચ.એન.રાયજાદા ટીમ સાથે પેટ્રોલિંગમાં હતા ત્યારે મળેલ ચોકક્સ બાતમીના આધારે આશાપુરા સોસાયટી શેરી નં.૩માં રહેતા અશોક સવજી સુરાણીના મકાનમાં બંધબારણે ચાલતા જુગારમાં દરોડો પાડી અશોક સવજી સુરાણી (ઉ.વ.૩૪), સુરેશ ગોરધન સાવલીયા (ઉ.વ.૬૫), ભાનુ રામજી પાનસુરીયા (ઉ.વ.૬૨), અશોકગીરી ફુલગીરી ગોસ્વામી (ઉ.વ.૫૦) અને બિપીનભાઇ ઉર્ફે કબુતર રણછોડ ભટ્ટ (ઉ.વ.૫૧)ને રૂ. ૧૧ હજારની રોકડ સાથે દબોચી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

## લગ્ન પ્રસંગમાં પડી જવાથી બ્રેઇન હેમરેજ થતા ASIનું મોત



રાજકોટ,તા.૨૬: રાજકોટમાં ક્રાઇમ બ્રાન્ચ, કંટ્રોલરૂમ હેડકવાર્ટરમાં ફરજ બનાવી ચૂકેલા તેમજ પોલીસના સરકારી કાર્યક્રમોમાં વીડિયોગ્રાફી અને ફોટોગ્રાફી કરી પોલીસની કામગીરીને તસ્વીરમાં કંડારી યાદગાર બનાવનાર અને હાલ ટ્રાફિકમા એએસઆઇ તરીકે ફરજ બજાવતા અરવિંદભાઈ રામજીભાઈ મોડિયા લગ્ન પ્રસંગમાં પડી જવાથી તેઓને માથામાં ફૂટ થઈ હતી અને તેઓને હોસ્પિટલમાં લઈ જવામાં આવતા તબીબે બ્રેઇન હેમરેજ થયાનું જાણવા મળ્યું હતું તેઓને સારવાર આપવામાં આવી રહી હતી.

# ગ્રીનલેન્ડ ચોકડી પાસેથી દારૂની ૨૨૭ બોટલ સાથેની રીક્ષા રેઢી મળી

## બે ઓટો રીક્ષા, ટુ વ્હીલ મળી રૂ.૧.૮૬ લાખનો મુદ્દામાલ કબ્જે

રાજકોટ, તા.૨૬

બાતમીદારો દ્વારા પોલીસને જેવી રીતે માહિતી મળે છે. તેવી જ રીતે ગુનાહિત પ્રવૃત્તિ આચરતા તત્ત્વોને પોલીસના દરોડાની ગંધ આવી જતી હોય દરોડા પૂર્વે જ તેઓ નાસી જતા હોય છે. જેને કારણે પોલીસને દરોડા સમયે માત્ર મુદ્દામાલ જ હાથ લાગતો હોય છે. આવા અગાઉ એક બનાવો પ્રકાશમાં આવ્યા છે. આવા જ એક વધુ બનાવમાં ગ્રીનલેન્ડ ચોકડીથી માર્કેટ યાર્ડ તરફ જતા રસ્તા પર એક વિદેશી દારૂ ભરેલી ઓટો રિક્ષા પડી હોવાની પોલીસને માહિતી મળી હતી. જે માહિતીના આધારે પોલીસે દરોડો પાડ્યો હતો.

જોકે પોલીસ પહોંચી તે સમયે માહિતી મુજબની વિદેશી દારૂ ભરેલી ઓટો રીક્ષા રેઢી મળી આવી હતી. ઓટો રીક્ષામાં તપાસ કરતા અંદરથી વિદેશી દારૂની જુદી જુદી બ્રાન્ડની કુલ ૨૨૭ બોટલ મળી આવી હતી. પોલીસે રૂ.૯૧ હજારનો શરાબ ઉપરાંત બે ઓટો રીક્ષા અને એક ટુ વ્હીલ મળી કુલ રૂ.૧.૮૬ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

અન્ય એક બનાવમાં ભગતસિંહ ગાર્ડન પાછળ હાઉસિંગ બોર્ડ ક્વાર્ટર નજીક એક શખ્સ પોલીસને જોઇ વિદેશી દારૂની ૩૬ બોટલ મૂકી નાસી ગયો હતો. પોલીસ તપાસમાં નાસી ગયેલો શખ્સ વૈશાલીનગરનો રાજદીપ ઉર્ફે ભીમો કાનજી પઢિયાર હોવાનું જાણવા મળતા તેને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.


આઝાદી નો અમૃત મહોત્સવ
ગુજરાત સરકાર

નવી દિશા - નવું ફલક





શિક્ષણ વિભાગ દ્વારા આયોજિત અને
શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ,
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
કૃષિ અને પશુપાલન વિભાગના સહયોગમાં

રાજ્યમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ માટે
કારકિર્દી માર્ગદર્શન અંગેનો પ્રથમવાર સુગ્રથિત સ્વરૂપે આયોજિત સેમિનાર

૮ મહાનગરપાલિકા કક્ષાના કાર્યક્રમો
તારીખ: ૨૬/૦૫/૨૦૨૨

૨૫ જિલ્લા કક્ષાના કાર્યક્રમો
તારીખ: ૩૦/૦૫/૨૦૨૨

૨૪૯ તાલુકા કક્ષાના કાર્યક્રમો
તારીખ: ૦૧/૦૬/૨૦૨૨ થી ૦૬/૦૬/૨૦૨૨

સમય : સવારે ૧૦:૦૦ થી ૧૨:૦૦

ઉપરોક્ત કાર્યક્રમોના સ્થળની વિગતો
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા જાહેર કરવામાં આવશે.

વિદ્યાર્થીઓ યોગ્ય કારકિર્દી પસંદ કરી શકે તે માટે
આ કાર્યક્રમમાં તજજ્ઞો દ્વારા માર્ગદર્શન આપવામાં આવનાર છે.
જેનો લાભ મેળવવા વિદ્યાર્થીઓ અને
વાલીઓને અનુરોધ કરવામાં આવે છે.

શ્રી કીર્તિસિંહ વાઘેલા
રાજ્યકક્ષાના મંત્રી, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ, ગુજરાત રાજ્ય

શ્રી જીતુભાઈ વાઘાણી
શિક્ષણ મંત્રી, ગુજરાત રાજ્ય

# રાજકોટમાં નવું સ્પોર્ટસ કોમ્પલેક્ષ અને ઈન્ડોર સ્ટેડિયમ બનશે



બેડમિન્ટન ટુર્નામેન્ટનું ઉદ્દ્ઘાટન કરતા સાંસદ મોહનભાઈ કુંડારીયા

## ટુર્નામેન્ટમાં ૫૬૧ ખેલાડીઓએ રજીસ્ટ્રેશન કરાવેલ: ટુર્નામેન્ટ પ્લાસ્ટીક શટલથી રમાડવામાં આવશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૬

બેડમિન્ટનના ખેલાડીઓને પ્રોત્સાહન મળે તે હેતુથી મહાનગરપાલિકા દ્વારા યોજાયેલ બેડમિન્ટન ટુર્નામેન્ટનું આજે શ્રી વીર સાવરકર ઈન્ડોર સ્ટેડીયમ, રેસકોર્ષ ખાતે ઉદ્ઘાટન સંસદ સભ્ય મોહનભાઈ કુંડારીયાના હસ્તે કરવામાં આવ્યુ. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને મેયર ડો.પ્રદિપ ડવ ઉપસ્થિત રહેલ.

આ અવસરે સાંસદ સભ્ય મોહનભાઈ કુંડારીયાએ કહ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાત રાજયના છેવાડાના ખેલાડીઓને પ્લેટફોર્મ મળી રહે તેવા આશયથી રમશે ગુજરાત જીતશે ગુજરાતના સુત્રને સાકાર કરવા ખેલમહાકુંભનો પ્રારંભ કરેલ. ખેલમહાકુંભના કારણે રાજ્યના ખેલાડીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળેલ છે. રાજ્ય અને રાષ્ટ્રકક્ષાએ અનેક ખેલાડીઓએ રમત ગમતમાં મેડલ પણ મેળવેલ છે. આગામી સમયમાં રાજ્યના ખેલાડીઓ ગુજરાતનું નામ રોશન કરે તેવી શુભેચ્છા પાઠવેલ હતી.

શહેરનો દિન પ્રતિદિન વિકાસ થતો જાય છે જે ધ્યાનમાં રાખી આગામી સમયમાં નવું સ્પોટ્સ કોમ્પલેક્ષ અને ઈન્ડોર સ્ટેડીયમ બનાવવામાં આવશે. વિશેષમાં, આજની ટુર્નામેન્ટમાં ભાગ લેનાર તમામ ખેલાડીઓને મેયર ડો.પ્રદિપ ડવએ શુભેચ્છા પાઠવી હતી.

બેડમિન્ટનની રમતમાં, સીંગલ્સ કેટેગરીમાં ભાઇઓ તથા બહેનો માટે અંડર- ૧૩, અંડર- ૧૫, અંડર- ૧૯, ૨૦-૪૦, ૪૧-૬૦ તેમજ ડબલ્સ કેટેગરીમાં ભાઇઓ તથા બહેનો માટે ૨૦-૪૦ અને ૪૧-૬૦ યોજાનાર ટુર્નામેન્ટમાં ૫૬૧ ખેલાડીઓએ રજીસ્ટ્રેશન કરાવેલ છે. આ ટુર્નામેન્ટ તા.૨૬થી તા.૧-૬ સુધી ચાલશે. આ ટુર્નામેન્ટ પ્લાસ્ટીક શટલથી રમાડવામાં આવશે. આ અવસરે શહેર ભાજપ પ્રમુખ કમલેશભાઈ મીરાણી, ધારાસભ્ય લાખાભાઈ સાગઠીયા, શહેર ભાજપ મહામંત્રી કિશોરભાઈ રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુર તેમજ શાસક પક્ષ નેતા વિનુભાઈ ઘવા, શાસક પક્ષ દંડક સુરેન્દ્રસિંહ વાળા, સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન પરેશભાઈ પીપળીયા, ડે.કમિશનર સી.કે.નંદાણી, સમાજ કલ્યાણ સમિતિના વાઈસ ચેરમેન સંજયસિંહ રાણા, કોર્પોરેટર દેવાંગભાઈ માંકડ, વિનુભાઈ સોરઠીયા, નયનાબેન પેઢડીયા, કંકુબેન ઉઘરેજા, પ્રીતિબેન દોશી, આકાશવાણીના ડાયરેક્ટર ડો.ગીતાબેન ડીડા, આસી.કમિશનર એચ.આર.પટેલ, આસી.મેનેજર દિપેન ડોડીયા, અમિત ચોલેરા, બેડમિન્ટનના કોચ તેમજ ભાગ લેનાર ખેલાડીઓ ઉપસ્થિત રહેલ.

### ક્ષૌરકર્મ ધંધાદારી સમિતિ દ્વારા

## સંત શિરોમણી શ્રી સેન મહારાજની ૭૨૨ મી જન્મજયંતિ મહોત્સવની ઉજવણી કરાશે




**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૬

ક્ષૌરકર્મ ધંધાદારી સમિતિ, રાજકોટના મીડીયા ઈન્ચાર્જ રાજ ધામેલીયાની એક યાદીમાં જણાવાયું છે કે, ક્ષૌરકર્મ ધંધાદારી સમિતિ દ્વારા કાલે તા.૨૭ ને શુક્રવારે લક્ષ્મીનગર મેઈન રોડ, બરફના કારખાના પાસે સંત શિરોમણી શ્રી સેન મહારાજની ૭૨૨મી જન્મજયંતિ ઉજવણી અંતર્ગત આવતીકાલે સાંજે ૬:૩૦ કલાકે મહાઆરતી, ૭ કલાકે સેન જન્મોત્સવ તેમજ દાંડીયા રાસ અને ૭:૩૦ કલાકે મહાપ્રસાદ કાર્યક્રમ યોજાશે. તો આ અમુલ્ય અવસરનો લાભ લેવા શહેરના સમસ્ત સેન પરિવારોને જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

એમ રાજ ધામેલીયાની યાદીમાં જણાવવામાં આવ્યું છે.(૧.૧૨)

## વિદ્યાકુંજ સોસાયટીના બંગલાના રખેવાળની હત્યાનો ભેદ અકબંધ



### શકમંદ હત્યારાના સીસીટીવી ફૂટેજ જાહેર કરાયા: માહિતી આપનારને પોલીસ યોગ્ય ઈનામ આપશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૬

શહેરના અમીન માર્ગ પર વિદ્યાકુંજ સોસાયટીમાં આવેલા પ્રવિણભાઇ પટેલના ઇશાવસ્યમ નામના બંગલામાં રખેવાળી કરતાં સોની વૃધ્ધ વિષ્ણુભાઇ ચકુભાઇ ઘુચલા (સોની) (ઉ.વ.૬૦)ની હત્યાનો ભેદ ઉકેલવા માલવીયાનગર પોલીસ અને ક્રાઇમ બ્રાંચની ટીમો કામે લાગી છે.

પોલીસને હત્યારાના સીસીટીવી ફૂટેજ મળી આવ્યા છે. પોલીસે આ ફૂટેજ જાહેર કર્યા છે અને તસ્વીરમાં દેખાય છે એ શખ્સને કોઇ ઓળખતું હોય કે તે ક્યાંય જોવા મળે તો પોલીસને જાણ કરવા જણાવાયું છે. માહિતી આપનારનું નામ પોલીસ ગુપ્ત રાખશે અને તેમને યોગ્ય ઇનામ આપવામાં આવશે.

પોલીસને શકમંદ હત્યારાના સીસીટીવી ફૂટેજ મળ્યા છે. તસ્વીરમાં દેખાય છે એ શખ્સ વિશે કોઇની પાસે પણ માહિતી હોય તો એસીપી જે. એસ. ગેડમ (મો.૯૪૦૯૫ ૩૮૬૩૮), પીઆઇ કે. એન. ભુકણ (મો.૯૦૩૩૩ ૯૯૪૫૬), પીએસઆઇ એમ. એસ. મહેશ્વરી (મો. ૮૮૪૯૮ ૭૭૮૩૧) અથવા હેડકોન્સ. મસરીભાઇ ભેટારીયા (મો.૯૮૨૫૩ ૩૩૪૨૦) ઉપર જાણ કરવા જણાવાયું છે. ક્રાઇમ બ્રાંચની ટીમો પણ આ ગુનો ઉકેલવા મથામણ કરી રહી છે.

## વોર્ડ નં.૪,૫,૬,૧૫ અને ૧૬ માં ભાજપની કારોબારી બેઠક યોજાઈ





**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૬

### આજે વિવિધ વોર્ડમાં કારોબારી બેઠક યોજાશે

શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીના માર્ગદર્શન હેઠળ વિવિધ વોર્ડમાં વોર્ડ કારોબારી બેઠક યોજાયેલ જેમાં વોર્ડ નં.૪,૫,૬, ૧૫ અને ૧૬માં કારોબારી બેઠક યોજાઈ હતી. જેમાં વિવિધ વોર્ડમાં નિતીન ભારદ્વાજ, ડો.પ્રદિપ ડવ, કીશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુર, સુરેન્દ્રસિંહ વાળા સહીતના અગ્રણીઓએ વિવિધ વિષયો પર કાર્યકર્તાઓને માર્ગદર્શન પુરૂ પાડેલ.આ કારોબારી બેઠકમાં વોર્ડના પ્રભારીઓ દિપક પનારા, રમેશ અકબરી, રમેશ પરમાર, જીણાભાઈ ચાવડા, અશ્વિન મોલીયા તેમજ વોર્ડના પ્રમુખ સી.ટી.પટેલ, દીનેશ ઘીયાળ, ઘનશ્યામકુંગશીયા, સોમાભાઈ ભાલીયા, ભાર્ગવ મિયાત્રા, વોર્ડ મહામંત્રી કાનાભાઈ ઉધરેજા, દીનેશ ચૌહાણ, મુકેશ ધનસોત, દીનેશ ડાંગર, વીરમ રબારી, દુષ્યંત સંપટ, મહેશ બથવાર, રત્નાભાઈ મોરી, જીતુભાઈ સીસોદીયા, જતીન પટેલ તેમજ વોર્ડના અપેક્ષીત શ્રેણીના કાર્યકર્તાઓ સહિતના ઉપસ્થિત રહયા હતા. આજે શહેરના તમામ વોર્ડમાં વોર્ડકારોબારી બેઠક યોજાશે.

## આટકોટ આસપાસ ૨૮મીએ નો-ફલાય ઝોન



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ તા. ૨૬ : રાજકોટ જિલ્લા મેજિસ્ટ્રેટ અરૂણ મહેશ બાબુ દ્વારા જસદણ તાલુકાના આટકોટ પોલીસ સ્ટેશન વિસ્તારના મહાનુભાવોના પ્રવાસ કાર્યક્રમના તમામ સ્થળો તેમજ સભા સ્થળની આસપાસના વિસ્તારોમાં સુરક્ષાને ધ્યાને લઈ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે તા. ૨૮ના રોજ એક દિવસ માટે નો ફલાય ઝોન તરીકે જાહેર કરવામાં આવ્યો છે.આ જાહેરનામાનો ભંગ કરનાર સામે કાયદાકીય પગલાં લેવામા આવશે. માત્ર સરકારી વિભાગ, પોલીસ વિભાગ અને સુરક્ષાબળોના સંસાધનોને જાહેરનામામાંથી મુક્તિ આપવામાં આવે છે.

## વિધાનસભા-૭૦ માં ‘આપ’ ની પરિવર્તન યાત્રા



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૬

આમ આદમી પાર્ટી દ્વારા સમગ્ર ગુજરાતમાં પરિવર્તન યાત્રા નિકળેલ છે. જેના ભાગ રૂપે આજ રોજ વિધાનસભા- ૭૦ ના વિસ્તારમાં રાજનગર ચોક ખાતે આવેલ. આ પરિવર્તન યાત્રામાં આપ- નેતા ઈસુદાનભાઈ ગઢવી, આપ- નેતા ઈન્દ્રનિલભાઈ રાજગુરૂ, પ્રદેશ સંગઠન મંત્રી અજીતભાઈ લોખીલ, રાજભા ઝાલા, શહેર અધ્યક્ષ શિવલાલ પટેલ, રાજકોટ શહેર તેમજ આપ કોર્પોરેટર વશરામભાઈ સાગઠીયા હાજર રહી લોકોના અભિવાદન લીધેલ. તેમજ વિધાનસભા- ૭૦ ના ઈનચાર્જ રાકેશભાઈ સોરઠીયા તેમજ શહેર કારોબારીના હોદેદારો, દરેક વોર્ડના હોદેદારો અને સભ્યો, દરેક મોરચાના હોદેદારો તેમજ સભ્યો આ પરિવર્તન યાત્રામાં બહોળી સંખ્યામાં બાઈક અને કાર સાથે હાજર રહયા હતા.

આ કાર્યક્રમ સફળ બનાવવા માટે શહેર સંગઠન મહામંત્રી રાહુલભાઈ ભુવા, શહેર મહામંત્રી સંજયસિંહ વાઘેલા, કે.કે. પરમારના દ્વારા માર્ગદર્શન તેમજ જહેમત ઉઠાવવામાં આવેલ હતી. આ યાત્રાના ઈનચાર્જ તરીકે સેન્ટ્રલઝોન પ્રભારી ભાવેશભાઈ પટેલ, તેમજ ઓ.બી.સી. સેલ પ્રમુખ પ્રભાતભાઈ હુંબલ તેમજ વોર્ડ નં. ૮, ૧૩, ૧૪, ૧૬,૧૭, ૧૮ ના હોદેદારો અને કાર્યકર્તાઓએ ભારે જહેમત ઉઠાવી હતી.(૧.૧૨)

### આરટીઈની ૮,૫૦૧ ખાલી પડેલી જગ્યા પર ત્રીજો રાઉન્ડ થશે

## શનિવાર સુધી શાળાની પુન: પસંદગીનો લાભ મળશે




### પુન: પસંદગી માટે વિદ્યાર્થીઓએ આરટીઈના વેબપોર્ટલનો સંપર્ક કરવો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૬

રાજ્યભરની શાળાઓમાં નવા શૈક્ષણિક સત્રનાં પ્રારંભની તૈયારીઓ પુરજોશમાં ચાલી રહી છે. ત્યારે બીજી બાજુ આરટીઈ રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ ગરીબ અને આર્થિક રીતે નબળા વર્ગનાં બાળકોને ધો.૧ માં મફત પ્રવેશ આપવા માટેની પ્રક્રિયા રાજકોટ સહિત રાજ્યભરમાં ચાલી રહી છે. સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલ આ પ્રક્રિયાનો લાભ અનેક ગરીબી રેખા નીચે આવતા લોકો લઇ રહ્યા છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ માટે રાજ્યની કુલ ૯,૯૫૫ સ્કૂલમાં કુલ ૭૧,૩૯૬ જેટલી જગ્યાઓ આરટીઈ હેઠળ ઉપલબ્ધ રાખવામાં આવી હતી.

જેમાં પ્રથમ અને બીજા રાઉન્ડમાં ૭૦,૭૯૭ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો હતો. તેમાં છતાં હજુ ૬૨,૮૯૫ વિદ્યાર્થીઓ જ શાળામાં જઈને પ્રવેશ નિયત કરાવ્યો હતો. આરટીઈ દ્વારા બે રાઉન્ડ જાહેર કરી દીધા હોવા છતાં હજુ પણ ૮,૫૦૧ જગ્યા રાજ્યભરની શાળાઓમાં ખાલી પડી છે. બીજા રાઉન્ડની ફાળવણી બાદ ખાલી રહેલી ૮,૫૦૧ જગ્યા પર આરટીઈ પ્રવેશ પ્રક્રિયાના ત્રીજા રાઉન્ડની કાર્યવાહી કરશે.

આરટીઈ હેઠળ અરજીમાં પસંદ કરેલ શાળાઓમાં જો કોઈપણ પ્રકારનાં ફેરફાર કરવા માંગતા હોય એટલે કે, ખાલી જગ્યા ધરાવતી શાળાઓની પુન: પસંદગી કરી પ્રવેશ મેળવવા ઈચ્છતા હોય તેવા વિદ્યાર્થીઓએ આજ તા.૨૬ થી તા.૨૮ મે સુધીમાં આરટીઈના વેબપોર્ટલ http://rte.orpgujarat.com પર જઈ શાળાઓની પુન: પસંદગી કરી શાળા બદલી શકશે તેમ યાદીમાં જણાવ્યું છે.(૧૩.૧૨)

## ૪૧ વીજ ગ્રાહકોનું સન્માન કરાયું



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૬

આજે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત શહેર વર્તુળ કચેરી નાં સિટી ડિવિઝન - ૨ હેઠળ આવતા મહિલા કોલેજ, પ્રદ્યુમન નગર, બેડીનાકા, ઉદ્યોગ નગર, લક્ષ્મીનગર સબ ડિવિઝનના કુલ ૪૧ વીજ ગ્રાહકો કે જેમના દ્વારા આખા વર્ષ દરમ્યાન સતત વીજ બિલ મળ્યાના પાંચ દિવસમાં વીજબિલ ભરપાઈ કર્યા હોય તેમના ઘેર જઈ તેમનું સન્માન કરવાનો કાર્યક્રમ રાખવામાં આવેલ.

આ પ્રસંગે પીજીવીસીએલના મુખ્ય ઇજનેર (ટેક) જે.જે.ગાંધી તેમજ અગ્રણી કમલેશભાઈ મીરાણી, દેવાંગભાઈ માંકડ વિશેષ ઉપસ્થિત રહેલ.

## જસદણના વિંછીયા રોડ ઉપર અકસ્માતમાં યુવાનનું મોત

**(ધર્મેશ કલ્યાણી દ્વારા)**

જસદણ, તા.૨૬

જસદણ શહેરના વિંછીયા રોડ ઉપર દેવપરાના પાટીયા પાસે અકસ્માત થતા કલોરાણાના કોળી યુવાનનું કમકમાટીભર્યું મોત નીપજયું હતું.

આ અંગેની વિગતો મુજબ જસદણ શહેરના વિંછીયા રોડ ઉપર ઇન્દ્ર કોટન જિનિંગ નજીક અકસ્માત થતા કલોરાણા ગામે રહેતા સાગર ધીરુભાઈ વાઘેલા નામના કોળી યુવાનનું મૃત્યુ થયું હતું જયારે વિનુભાઈ વાઘજીભાઈ વાઘેલા તથા કાજલબેન વિનુભાઈ વાઘેલાને ગંભીર ઇજાઓ થતાં રાજકોટ રીફર કરવામાં આવ્યા હતા. જયારે ભૌતિક વાઘેલા ઉંમર વર્ષ ચાર ને ઇજા થતાં તેમને જસદણ સારવારમાં ખસેડવામાં આવ્યા છે. કોઈ અજાણ્યું વાહન મોટરસાયકલ સવાર આ પરિવારને હડફેટે લઇને નાશી છૂટ્યો હોવાનું અનુમાન છે મૃતક સાગર વાઘેલાનું જસદણ સિવિલ ખાતે પીએમ હાથ ધરવામાં આવ્યું છે પણ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

### ભારે પવન વચ્ચે માછીમારોને દરિયામાં ન જવા સૂચના અપાઈ

અને સુરેન્દ્રનગરમાં ગરમીનો પારો ૪૧.૦ ડિગ્રીની આસપાસ નોંધાયો હતો, જયારે આ સિવાય અન્ય તમામ શહેરોનું તાપમાન ૪૦ ડિગ્રીથી નીચે નોંધાતા લોકોએ ગરમીથી રાહત મેળવી હતી. દક્ષિણ ગુજરાતના વલસાડ, નવસારી અને દાદરા નગર હવેલીમાં વરસાદ પડવાની વકી હવામાન વિભાગે વ્યક્ત કરી છે. હાલ જે સ્થિતિનું નિમાર્ણ થયું છે ખાસ કરીને છેલ્લા એક સપ્તાહમાં વાતાવરણ બદલાયું છે તેનું મુખ્ય કારણ વેસ્ટર્ન ડિસ્ટબન્સ છે. તાજેતરમાં જ ગરમીનું પ્રમાણ ખૂબ વધ્યું હતું અને તેના પરિણામ સ્વરૂપે લો પ્રેશરની સ્થિતિ સર્જાતા રાજ્યના પશ્ચિમ વિસ્તારમાં હવાનું ચક્રવાત બન્યું. ચોમાસુ ૧૫ જૂનની આસપાસથી શરૂઆત થશે.રાજસ્થાનમાં સક્રિય થયેલા સાઈક્લોનિક સર્ક્યુલેશનનો ટ્રફ દક્ષિણ-પશ્ચિમી રાજસ્થાનથી લઈને ઉત્તર-પૂર્વીય અરબી સમુદ્ર સુધી લંબાયો છે. જેને કારણે આગામી ૩ દિવસ દરમિયાન અમદાવાદ સહિત રાજ્યમાં પવન સાથે વરસાદ પડવાની શક્યતા છે. એવામાં દરિયાકાંઠાના વિસ્તારોમાં માછીમારોને ૨૫થી ૨૯ મે દરમિયાન દરિયો ન ખેડવાની સૂચના આપવામાં આવી છે. હવામાન વિભાગ મુજબ, ગુજરાતના જખૌ, માંડવી, મુંદ્રા, નવા કંડલા, નવલખી, જામનગર, સલાયા, ઓખા તથા પોરબંદરના દરિયાકાંઠે ૨૭થી ૨૯ મે ૨૦૨૨ દરમિયાન ૪૦થી ૫૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાઈ શકે છે, જે ૬૦ કિલોમીટર સુધી પણ પહોંચી શકે છે. એવામાં માછીમારોને આ સમય દરમિયાન દરિયો ખેડવા ન જવા માટે ચેતવણી આપવામાં આવી છે.(૩)

### અમદાવાદમાં એશિયન સિરામિક અને ખાનગી ફાઈનાન્સ પેઢીમાં આવકવેરાના દરોડા

પણ દરોડા પડ્યા છે. એશિયન ગ્રેનિટો ઈન્ડિયા લિમિટેડના અમદાવાદમાં વસવાટ કરતા તમામ ભાગીદારો પર પણ ઈન્કમટેક્ષની રેડ પડી છે. એશિયન ગ્રુપની શાખાઓ અમદાવાદ સહિત રાજ્યમાં કેટલાંક સ્થળો પર આવેલી છે. ત્યારે અમદાવાદમાં આવેલી મુખ્ય ઓફિસો પર પણ ઈન્કમટેક્સ વિભાગે તપાસ હાથ ધરી છે. આ તપાસના પગલે સિરામિક અને ફાઈનાન્સ પેઢીઓમાં ફફડાટ ફેલાયો છે. હાલમાં આવકવેરા વિભાગના ૨૦૦થી વધુ અધિકારીઓ તપાસમાં જોડાયા છે. બીજી તરફ, મોરબીમાં પણ એક જોઈન્ટ વેન્ચર પર તપાસ થઈ રહી છે. અમદાવાદમાં રહેતા તમામ ભાગીદારોને ત્યાં IT વિભાગ દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. શહેરમાં કમલેશ પટેલ, કાળીદાસ પટેલ, સુરેશ પટેલ અને મુકેશ પટેલને ત્યાં તપાસ ચાલી રહી છે. છેક ગુજરાત બહાર પણ ITની તપાસ લંબાવાઇ છે. મોરબીમાં રહેલા જોઈન્ટ વેન્ચરને ત્યાં પણ IT વિભાગે તપાસ હાથ ધરી છે. IT વિભાગે પોલીસના મોટા કાફલા સાથે સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે. આ તપાસમાં ITના ૨૦૦ અધિકારીઓ જોડાયા છે.(૩)

### હવે સરકાર ખાંડની નિકાસ પર પણ પ્રતિબંધ લગાવ્યો

ઓઈલ અને સોયાબીન ઓઈલની આયાત પર કસ્ટમ ડ્યૂટી હટાવી લેવાઈ. જેની સીધી અસર તેલના ભાવ પર જોવા મળશે. નોંધનીય છે કે બ્રાઝીલ બાદ ભારત દુનિયામાં ખાંડનો બીજો સૌથી મોટો ઉત્પાદક અને નિકાસકાર દેશ છે. આ અગાઉ સૂત્રો દ્વારા એવા સમાચાર આવ્યા હતા કે સરકાર ખાંડનો જથ્થો ઘરેલુ સ્તરે સુનિશ્ચિત કરવા તથા ભાવને કાબૂમાં રાખવા છ વર્ષમાં પહેલીવાર ખાંડની નિકાસને એક કરોડ ટન સુધી સિમિત કરી શકે છે. જો કે સાંજ પડતા નિકાસ પર સંપૂર્ણ રીતે રોક લગાવી દેવાઈ. ઈન્ડોનેશિયા, અફઘાનિસ્તાન, શ્રીલંકા, બાંગ્લાદેશ, સંયુક્ત આરબ અમીરાત, મલેશિયા અને કેટલાક આફ્રિકી દેશો ભારત પાસેથી મોટા પાયે ખાંડ ખરીદે છે.(૩)

### ટેસ્ટ રેન્કિંગમાં નંબર-૧ ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજા: અશ્વીન બીજા સ્થાને

યાદીમાં કેપ્ટન રોહિત શર્મા સતત ચમકી રહ્યો છે, જ્યારે વિરાટ કોહલી પણ ટોપ-૧૦માં સામેલ છે. ઓસ્ટ્રેલિયાનો માર્નસ લાબુશેન નંબર ૧ ટેસ્ટ બેટ્સમેન છે. જ્યારે ભારતનો રોહિત શર્મા ૭૫૪ પોઈન્ટ સાથે આઠમા નંબર પર છે જ્યારે વિરાટ કોહલી ૭૪૨ પોઈન્ટ સાથે નંબર ૧૦ પર છે.(૩)

### ગુજરાતની ટીમ અમદાવાદ પહોંચી, પ્લેયર્સ પર ફુલોનો વરસાદ થયો

ટીમના દરેક ખેલાડી અને પરિવારના સભ્ય પર ફુલોનો વરસાદ કરી સ્વાગત કરાયું હતું. ઉલ્લેખનીય છે કે ૨૯ મેના દિવસે ફાઈનલ મેચ પહેલાં ગુજરાતની ટીમને ૩ દિવસનો આરામ મળશે. આ દરમિયાન તેઓ સામાન્ય ઈન્જરીથી રિકવર થવાથી લઈ મોદી સ્ટેડિયમમાં ખાસ પ્રેક્ટિસ સેશનમાં ભાગ લઈ શકશે. IPLની પહેલી ક્વોલિફાયર મેચમાં ગુજરાત ટાઈટન્સે ૭ વિકેટથી રાજસ્થાન રોયલ્સને હરાવી ફાઈનલમાં એન્ટ્રી કરી લીધી છે. ક્વોલિફાયર-૧માં ગુજરાતની જીતમાં મહત્ત્વપૂર્ણ યોગદાન ડેવિડ મિલર અને હાર્દિક પંડ્યાની તોફાની બેટિંગ અને પાર્ટનરશિપનું રહ્યું છે. ગુજરાત ટાઈટન્સની ટીમ આઈપીએલ ૨૦૨૨થી ટૂર્નામેન્ટમાં ડેબ્યૂ કરી રહી હતી. તેવામાં દિગ્ગજ ટીમોને હરાવીને અત્યારે ગુજરાતની ટીમ ફાઈનલમાં પહોંચી ગઈ છે. આ સિઝનમાં GTની લીગ મેચ સફર અંગે જણાવીએ તો ટીમે ૧૪ મેચ રમી છે જેમાંથી ૧૦માં જીત મેળવી છે જ્યારે ૪ મેચમાં હારનો સામનો કર્યો છે.(૩)

### રાવલ પાલિકાની કારનો અકસ્માત: બે કર્મચારીના મોત

ગાંધીનગર કોઇ સરકારી મીટીંગ સબબ જવા માટે રવાના થયા હતા. આ અકસ્માતમાં રાવલનગર પાલિકામાં ફરજ બજાવતા નીતીનભાઇ કાગળીયાનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું. જયારે ગંભીર રીતે ઘવાયેલા અન્ય ત્રણ કર્મચારીઓને સારવાર માટે જામનગરની ગુરૂ ગોવિંદસિંહ સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. એમ્બ્યુલન્સ ત્રણેય ઇજાગ્રસ્તોને લઇને જી.જી.હોસ્પિટલ પહોંચી હતી ત્યારે ફરજ પરના તબીબે ઇજાગ્રસ્ત પૈકીના રાવલ નગરપાલિકાના સેનેટરી ઇન્સ્પેકટર મનોજભાઇ સિંગરખીયા નામના ૩૮ વર્ષના યુવાનને તપાસીને મૃત્યું પામેલ જાહેર કર્યા હતા. આ બન્ને કારના ચાલક સહિત અન્ય ત્રણથી ચાર વ્યકિતઓને પણ નાની-મોટી ઇજાઓ પહોંચી હતી. જેઓને સારવાર માટે ખંભાળિયા હોસ્પિટલ રીફર કરાયા હોવાનું પણ જાણવા મળે છે. વધુ વિગતો મેળવાઇ રહી છે. આ જીવલેણ અકસ્માત સવારે પાંચ વાગ્યા આસપાસ બન્યો હોવાનું ઇજાગ્રસ્તના સંબંધીએ જણાવ્યું હતું.

### ચેન્નઈને ૩૧૪૦૦ કરોડના પ્રોજેકટની ભેટ આપતા વડાપ્રધાન

પ્રધાનમંત્રી રૂા.૨૯૦૦ કરોડથી વધુની કિંમતનાં પાંચ પ્રોજેકટસ રાષ્ટ્રને સમર્પિત કરશે. રૂા.૫૦૦ કરોડથી વધુના ખર્ચે બાંધવામાં આવેલ ૭૫ કીમી લાંબો મધુરાઈ-ટેની પહોચની સુવિધા આપશે અને પ્રદેશમાં પ્રવાસનને વેગ અપાશે. રૂા.૫૯૦ કરોડથી વધુના ખર્ચે તોબરમ-ચેંગલપટટ વચ્ચે ૩૦ કી.મી. લાંબી ત્રીજી રેલ્વે લાઈન બાંધવામાં આવી છે તે વધુ ઉપનગરીય સેવાઓ ચલાવવાની સુવિધા આપશે. આ ઉપરાંત રૂા.૨૮૫૦૦ કરોડથી વધુના ખર્ચે નિર્માણ થનાર છે. પરિયોજનાઓનું શિલાન્યાસ કરશે. પ્રધાનમંત્રી આવાસ યોજના શહેરી હેઠળ રૂા.૧૧૬ કરોડના ખર્ચે બાંધવામાં આવેલ લાઈટ હાઉસ પ્રોજેકટ ચેન્નાઈના ભાગરૂપે બાંધવામાં આવેલ ૧૧૫૨ મકાનોનું ઉદઘાટન કરશે.

### સેનેગલના આગ હોનારત: ૧૧ નવજાતના મોત

અને નિરાશાજનક સમાચાર સાંભળ્યા. તિવાઉને ખાતેની એક સાર્વજનિક હોસ્પિટલના નવજાત બાળકોના વિભાગમાં આગ લાગવાના કારણે ૧૧ નવજાત શિશુઓના મોત થઈ ગયા છે. સેનેગલના ઈતિહાસમાં આ અત્યાર સુધીની સૌથી મોટી આગ હોનારતો પૈકીની એક છે. ગત વર્ષે પણ સેનેગલ ખાતેની એક ખાનગી હોસ્પિટલના નિયોનેટેલ વોર્ડમાં આગ લાગી હતી જેમાં ૪ બાળકોના મોત થયા હતા.(૩)

CMYK

શ્રી મેવાડ ચારણ સંસ્થાન– રાજસ્થાન દ્વારા ભવ્ય આયોજન

# ઉદયપુર શહીદ કુંવરપ્રતાપસિંહનો બલિદાન દિવસ ઉજવાયો

આઈશ્રી દેવલમાં તથા સુરેન્દ્રસિંહ જાડાવત (રાજ્યમંત્રી) ની પ્રેરક ઉપસ્થિતિમાં સમારોહ યોજાયો






પુષ્પાંજલિ, રક્તદાન અને સર્વરોગ નિદાન કેમ્પ, મહાપ્રસાદ, સન્માન સમારોહ, ભગવતી આરાધના કાર્યક્રમ વગેરે યોજાયા

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**રાજકોટ, તા.૨૬: રાજસ્થાનનાં ઉદયપુર ખાતે શ્રી મેવાડ ચારણ સંસ્થાન દ્વારા શહીદ શ્રી કુંવરપ્રતાપસિંહ બારહઠની જન્મજયંતિ અને બલિદાન દિવસ સમારોહની ગત તા.૨૪મી એ મંગળવારે શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. ઉદયપુરમાં ભૂપાલ ચારણ છાત્રાવાસ ખાતે આયોજીત સમારોહમાં સૌપ્રથમ સવારે શહીદ સ્મારક ખાતે પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. ત્યારબાદ રક્તદાન કેમ્પ અને સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો હતો. જેમાં ડો.નરેન્દ્ર દેવલ અને તેમની ટીમે સેવા આપી હતી. ભોપાલ ચારણ છાત્રાવાસમાં સાંજે વીરવર નરૂજી બારહઠ વિંગનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ સાથે મહાપ્રસાદ પણ યોજાયો હતો. ત્યારબાદ અતિથી સત્કાર અને પ્રતિભા સન્માન સમારોહ યોજાયો હતો. જેમાં આઈશ્રી દેવલમાં (ગીરનાર, ગુજરાત) અને શ્રી સુરેન્દ્રસિંહ જાડાવત (રાજ્યમંત્રી, અધ્યક્ષ રાજસ્થાન ધરોહર પ્રોન્નતિ પ્રાધિકરણ) નું ઉમળકાભેર સ્વાગત- સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત મહારાજ કુમાર સાહેબ શ્રી લક્ષ્યરાજસિંહ મેવાડ, શ્રી. સી.ડી.દેવલ (અધ્યક્ષ, અખિલ ભારતીય ચારણ ગઢવી મહાસભા), શ્રી હિંગળાજદાન (આઈ.જી.ઉદયપુર રેન્જ)ને પણ આમંત્રીત કરવામાં આવ્યા હતા. સમગ્ર આયોજનને સફળ બનાવવા શ્રી મેવાડ ચારણ સંસ્થાન, ઉદયપુરનાં અધ્યક્ષ ગૌરૂસિંહ સૌઢા, કાર્યકારી અધ્યક્ષ વિરભદ્રસિંહ બારહઠ અને ગીરીરાજસિંહ બારહઠ, ઉપાધ્યક્ષ નરેન્દ્રસિંહ વકાણ, છાત્રાલય વિકાસ સમિતિનાં અધ્યક્ષ ભારતસિંહ સૌઢા, મેવાડ યુવા ચારણ સભાનાં અધ્યક્ષ દયાલસિંહ ગાંગણીયા વગેરેએ જહેમત ઉઠાવી હતી. આ સાથે અમર શહીદ કુંવરપ્રતાપસિંહ બારહઠ સંસ્થાન, શ્રી ખોડીયાર માતા સેવા મંચ, લોકમિત્ર બ્લડ બેંક, શ્રી કરણી સેના મંડળ, રોયલ સંસ્થાન, બજરંગ સેના અને શિવ દળ મેવાડનો પણ સહયોગ મળ્યો હતો.(પ.૧૨)

# શહેર ભાજપની કારોબારી બેઠક સંપન્ન



**આગામી અનેકવિધ કાર્યક્રમોની માહિતી આપતાઃ કમલેશ મિરાણી**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૬

શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીની અધ્યક્ષતામાં અને શહેર ભાજપ સંગઠનના પ્રભારી ઝવેરીભાઈ ઠકરાર, કમલેશ મિરાણી, પ્રદેશ ભાજપ મંત્રી બીનાબેન આચાર્ય, ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ, લાખાભાઈ સાગઠીયા, પ્રદેશ ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખ ઉદય કાનગડ, મેયર ડો. પ્રદિપ ડવ, સુરેન્દ્રનગર ભાજપ પ્રભારી નિતીન ભારદ્વાજ, પૂર્વ પ્રમુખ કમલેશભાઈ જોષીપુરા, રાજકોટ જીલ્લા ભાજપ પ્રભારી રક્ષાબેન બોળીયા, શહેર ભાજપ મહામંત્રી જીતુ કોઠારી, કિશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુર, ભાવનાબેન જોષીપુરા, ડો.જૈમનભાઈ ઉપાધ્યાય, કાશ્મીરાબેન નથવાણી, અંજલીબેન રૂપાણી સહિતના અગ્રણીઓની ઉપસ્થિતિમાં ભારતીય જનતા પાર્ટી, રાજકોટ મહાનગરની શહેર ભાજપની અપેક્ષિત શ્રેણીના સભ્યોની કારોબારી બેઠક શહેરના મેયર બંગલા ખાતે યોજાઈ હતી.

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનો આટકોટ કાર્યક્રમ, મન કી બાત સાથે શક્તિકેન્દ્રોની ટિફિન બેઠક, પ્રાથમિક સદસ્યતા અભિયાન, ચૂંટણી સહયોગ નિધિ કાર્યક્રમ, સામાજીક સમરસતા માસની ઉજવણી, અલ્પકાલીન વિસ્તારક યોજના અંતર્ગત વિધાનસભાવાઈઝ વર્કશોપ, તેમજ નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી કેન્દ્ર સરકારને ૮ વર્ષ પૂર્ણ થાય તે અંતર્ગત સેવા-સુશાસન અને ગરીબ કલ્યાણ અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમો વિશે માહિતી આપી હતી.

આ કારોબારી બેઠકનું સંચાલન શહેર ભાજપ મહામંત્રી કિશોર રાઠોડ અંતમાં આભાર વિધિ નરેન્દ્રસિંહ ઠાકુર અને વ્યવસ્થા જીતુ કોઠારીએ સંભાળી હતી. આ કારોબારી બેઠકમાં શહેર ભાજપની અપેક્ષીત શ્રેણીના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહયા હતા. આ કારોબારી બેઠકને સફળ બનાવવા કમલેશ મિરાણીના માર્ગદર્શન હેઠળ શહેર ભાજપ કોષાધ્યક્ષ અનિલભાઈ પારેખ, કાર્યાલય મંત્રી હરેશ જોષી, પ્રવીણભાઈ ડોડીયા, રામભાઈ વઘાશીયા, રમેશભાઈ જોટાંગીયા, જયંતભાઈ ઠાકર, પંકજભાઈ ભાડેશીયા, રાજન ઠક્કર, વિજય મેર, રાજ ધામેલીયા, નલહરીભાઈ, ભાવીન ધોળકીયા, જગદીશ ઘેલાણીએ જહેમત ઉઠાવી હતી.

મનપાની ટાઉન પ્લાનિંગ શાખા દ્વારા કરાઈ કામગીરી

# ૧૧ સ્થળોએ ગેરકાયદેસર દબાણ દૂર કરાયું



## અંદાજે ૬૦૨૭ ચો.ફૂટની જમીન ખુલ્લી કરાઈ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૬

મ્યુનિ. કમિશનર અમીત અરોરાની સુચના અનુસાર તથા નાયબ કમિશનર ચેતન નંદાણીની અધ્યક્ષતામાં ટાઉન પ્લાનીંગ ઓફિસર એમ. ડી. સાગઠીયાના માર્ગદર્શન હેઠળ રાજકોટ શહેરના જાહેર માર્ગો પર વાહન પાર્કિંગની સમસ્યાને અંતર્ગત માન. કમિશનર દ્વારા રજુ કરાયેલ એકશન પ્લાન અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકાની ટાઉન પ્લાનીંગ શાખા દ્વારા આજે વન ડે વન રોડ અંતર્ગત શહેરના સેન્ટ્રલ ઝોન વિસ્તારના વોર્ડ નં.૧૪ માં સમાવિષ્ટ લક્ષ્મી વાડી આરોગ્ય કેન્દ્રથી કાન્તા વિકાસ ગૃહ મેઈન રોડ પર ફૂટપાથ, માર્જિન તથા રોડમાં થયેલ નીચેની વિગતેના દબાણો/ગેરકાયદેસર બાંધકામ દુર કરવા ડિમોલીશન હાથ ધરવામાં આવેલ છે. જે અન્વયે કુલ ૧૧ સ્થળોએ દબાણ દુર કરી અંદાજે ૬૦૨૭ ચો. ફૂટ પાર્કિંગ/રસ્તા પૈકીની જગ્યા ખુલ્લી કરાવવામાં આવેલ છે.આ કામગીરીમાં સેન્ટ્રલ ઝોનના ડેપ્યુટી કમિશનર, સીટી એન્જીનીયર સેન્ટ્રલ ઝોન તેમજ સેન્ટ્રલ ઝોનની ટાઉન પ્લાનીંગ શાખા, બાંધકામ શાખા, દબાણ હટાવ શાખા, રોશની શાખા, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા, ટ્રાફિક એન્ડ ટ્રાન્સપોર્ટ શાખાના તમામ સ્ટાફ સ્થળ પર હાજર રહેલ તથા આ કામગીરી દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે સુરક્ષા વિભાગના અધિકારી તથા તેમનો તમામ સ્ટાફ સ્થળ પર હાજર રહેલ. તેમ જણાવ્યું છે.(૧૩)

# મહાનગરપાલિકાની ફાયર સર્વિસ ટીમની શ્રેષ્ઠ કામગીરી બદલ એવોર્ડથી સન્માનિત



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૬

ગાંધીનગર ખાતે ગર્વ ફાઉન્ડેશન દ્વારા ગુજરાતની ફાયર સર્વિસના અધિકારી અને કર્મચારીઓની શ્રેષ્ઠ કામગીરીને બિરદાવવા સૌ પ્રથમવાર આયોજન રાજ્ય લેવલે કરવામાં આવેલ જેમાં રાજકોટ ફાયર સર્વિસ ટીમની શ્રેષ્ઠ કામગીરી બદલ ગર્વ ફાઉન્ડેશન દ્વારા ગાંધીનગર ખાતે એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવેલ.

આ એવોર્ડ રાજકોટ મહાનગરપાલિકાની ફાયર એન્ડ ઈમરજન્સીના ચીફ ફાયર ઓફિસર આઇ.વી.ખેરએ સ્વીકાર્યો હતો. આ એવોર્ડ બદલ મેયર ડો. પ્રદિપ ડવ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પુષ્કરભાઈ પટેલ, મ્યુનિ. કમિશનર અમિત અરોરા અને શિશુ કલ્યાણ ખાસ ગ્રાન્ટ સંચાલિત યોજનાઓ અને અગ્નિશામક દળ સમિતિ ચેરમેન જ્યોત્સનાબેન ટીલાળાએ અધિકારીઓને શુભેચ્છા પાઠવી હતી. આ એવોર્ડમાં રાજ્યના શહેરી વિકાસમંત્રી વિનોદ મોરડીયા, ગાંધીનગર મેયર તેમજ તેના પદાધિકારીઓ, ગાંધીનગર કમિશનર તેમજ બોલીવુડ પ્રખ્યાત અભિનેત્રી અમિષા પટેલ અને આદિત્ય પંચોલી, IFEના ફાયર એડવાઇઝર સહિતની તેમની ટીમ તેમજ ગુજરાત ફાયર સર્વિસના ડાયરેક્ટર હાજર રહ્યા હતા.

## અવસાન નોંધ

સંતોકપુરાઃ સ્વ.અમૃતભાઈ હીરજીભાઈ રાઠોડ (મોટા મોવા વાળા) ના પુત્ર સ્વ.પ્રવીણભાઈ અમૃતભાઈ રાઠોડ તે શામજીભાઈ હીરજીભાઇ રાઠોડ (અમરેલી) ના ભત્રીજો, તથા મુકેશભાઈ, ધર્મેન્દ્રભાઈ, પ્રકાશભાઈના ભાઈ તથા કરણના પિતાનું તા.૨૫ ને બુધવારે અવસાન થયું છે. સદગતનું બેસણું તા.૨૭ ને શુક્રવાર સવારે ૧૦ થી ૧૨ નિવાસ સ્થાન મુકામ સંતોકપુરા તાલુકો બોરસદ ખાતે રાખેલ છે. કરણ રાઠોડ (મો.૭૨૬૫૦૨૩૩૦૩)

વડોદરાઃ જામનગર નિવાસી (હાલ વડોદરા), ડો.રસિકલાલ ટોકરશી મહેતાના જ્યેષ્ઠ પુત્ર અજીતકુમાર (ઉ.વ.૭૫) નું તા.૨૪ ને મંગળવારે અવસાન થયું છે. તેઓ સ્વ.સરસ્વતિબેનના પુત્ર, ઉષાબેનના પતિ, ડશે.પારસ અને નિરવના પિતા, ડો.પૂર્વ અને અમીના સસરા, સુનંદાબેન જયંતભાઈ વસા અને દિપકભાઈના વડીલ બંધુ. તેમજ સ્વ.કપુરચંદ કાલિદાસ મહેતા પરિવાર જામનગરના જમાઈ હતા. પ્રાર્થના સભા અને બેસણું તા.૨૬ ને ગુરૂવારે સાંજે ૫ થી ૭ તેમના નિવાસસ્થાને રાખેલ છે. સભા સ્થળ હાર્દિક ફલોરા કોમન હોલ, જગદીશ ફરસાણ સામેની ગલીમાં, સમા સાવલી રોડ, વડોદરા

# પાઈપલાઈન નાખવાની કામગીરીની સમીક્ષા કરતા મ્યુ.કમિશનર



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૬

શહેરમાં ચાલી રહેલા વિવિધ પ્રોજેક્ટ સમયસર પૂર્ણ થાય તેવા આશય સાથે મહાનગરપાલિકા દ્વારા સતત કામગીરી કરવામાં આવી રહી છે, આજે મ્યુનિ. કમિશનર અમિત અરોરાએ અધિકારીઓ સાથે જેટકો ચોકડી ખાતે બની રહેલ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ અને જેટકો ચોકડી WTP થી ન્યારી-૧ ડેમ સુધીની ૧૦૧૬ MM ડાયા MS પાઈપલાઈન નાખવાની ચાલુ કામગીરીની સમીક્ષા કરી હતી. આગામી સમયમાં ચોમાસાને ધ્યાનમાં રાખીને જરૂરી કામગીરી પૂર્ણ કરવા સુચના આપી હતી.




# જુદા-જુદા ૬ ચેક રિટર્ન કેસમાં આરોપીઓને એક-એક વર્ષની સજા ફટકારતી કોર્ટ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૬

શાપર-વેરાવળમાં આવેલી ઓલવેઇઝ ટેકનોકાસ્ટ પ્રા.લી.ના ડિરેકટર બંધુએ રાજકોટની સાઇલેક્સ ઇન્ડસ્ટ્રીઝ પ્રા.લી.ના ડિરેક્ટર પાસેથી ખરીદેલ માલની ચુકવણી માટે આપેલા જુદા જુદા છ ચેક રિટર્ન પરત ફરતા અદાલતે જુદા જુદા છ ચેક રિટર્ન કેસમાં ડિરેકટર બંધુને એક-એક વર્ષની સજા અને એક માસમાં એક મુજબનું વળતર ન ચૂકવે તો વધુ છ માસની સજાનો હુકમ કર્યો છે.

રાજકોટમાં આવેલી સાઇલેક્સ ઇન્ડસ્ટ્રીઝ પ્રા.લી.ના ડાયરેકટર અભયભાઈ મહેશકુમાર વાસાણી પાસેથી શાપર વેરાવળ ઓલવેઇજ ટેકનોકાસ્ટ પ્રા.લી.ના ડિરેક્ટર સંજયભાઈ ભગવાનજીભાઈ સાકરીયા અને કિરીટભાઈ ભગવાનજીભાઈ સાકરીયાએ ઉધાર માલની ખરીદી કરી હતી જે ખરીદીના રૂ.૩,૧૨,૩૬૮ ની ચુકવણી માટે ડિરેક્ટર બંધુએ રૂ.૫૦ હજારના પાંચ અને રૂ.૬૨,૬૩૮ મળી કુલ છ ચેક આપ્યા હતા જે છ ચેક રિટર્ન થતાં સાઇલેક્સ ઇન્ડસ્ટ્રીઝ પ્રા.લી.ના



એડવોકેટ વિકાસ શેઠ

ડાયરેકટર અભય વાસાણીએ ઓલવેઇઝ ટેકનોકસ્ટ પ્રા.લી.ના ડાયરેક્ટર બંધુ વિરુદ્ધ અદાલતમાં જુદી-જુદી છ ફરિયાદ નોંધાવી હતી જે ચેક રિટર્નના છ કેસ ચાલી જતાં અદાલતે બંને પક્ષના વકીલોની રજૂઆતો અને દલીલોને ધ્યાને લઇ ઓલવેઇઝ ટેકનોકાસ્ટ પ્રા.લી.ના ડિરેક્ટર સંજય સાકરીયા અને કિરીટ સાકરીયાને જુદા જુદા છ ચેક રિટર્ન કેસમાં એક વર્ષની સજા ઓલવેઇઝ ટેકનોકસ્ટ પ્રા.લી.ના ડિરેક્ટર બંધુ એક માસમાં સાઇલેક્સ ઇન્ડસ્ટ્રીઝ પ્રા.લી.ના ડિરેક્ટર અભય વાછાણીને એક માસમાં ચેક મુજબનું વળતર ના ચૂકવે તો વધુ છ માસની સજાનો હુકમ કર્યો છે. આ કેસમાં ફરિયાદી વતી એડવોકેટ વિકાસ શેઠ અને હાઇકોર્ટના એડવોકેટ બ્રિજ શેઠ રોકાયા હતા

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી સાંધ્ય દૈનિક

**સૌરાષ્ટ્ર ક્રાંતિ સાંધ્ય દૈનિક પેપરની ઈ-પેપર PDF મેળવવા માટે આપના મોબાઈલ પરથી મો.70483 63882 અથવા તો 93752 17603 પર આપનું નામ, તેમજ શહેરનું નામ લખી વોટ્સએપ કરો.**

બામ્બુ રીસોર્સ ઓફ ગુજરાત કોફી ટેબલ બૂકનું પણ વિમોચન કર્યું

# મુખ્યમંત્રીના હસ્તે રૂ.૨૦ કરોડના ૪૨ લાખ વાંસના વિનામૂલ્યે વિતરણ




## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વાંસને વૃક્ષ ગણવાના ૯૦ વર્ષ જૂના કાયદાને દૂર કરી સર્વગ્રાહી વિકાસના દ્વાર ખોલ્યાઃ ભુપેન્દ્ર પટેલ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૬

વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વ અને માર્ગદર્શનમાં વનબંધુઓ-આદિજાતિઓના સર્વાંગી ઉત્કર્ષ માટે સરકારની પ્રતિબદ્ધતા આ બહુવિધ વિકાસ સમારોહથી સાકાર થઇ છે તેમ જણાવ્યું હતું.

મુખ્યમંત્રીએ આદિજાતિ યુવાનોના કૌશલ્યને પદ્ધતિસર અને સમયાનુકુલ નિખાર આપવા પ્રધાનમંત્રી કૌશલ્યવર્ધન યોજના અન્વયે આદિજાતિ વિસ્તારોમાં વાંસ આધારિત ૪ કૌશલ્યવર્ધન કેન્દ્રોના લોકાર્પણ કર્યા હતા.

ભૂપેન્દ્ર પટેલે અંદાજે કુલ બે કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલા ડેડીયાપાડા, નેત્રંગ, વઘઇ અને કેવડીના વાંસ આધારિત કૌશલ્યવર્ધન કેન્દ્રોના લોકાર્પણ કરીને આદિજાતિ વિસ્તારોમાં વોકલ ફોર લોકલનો ધ્યેય પાર પાડવાની નેમ દર્શાવી હતી. વાંસની બનાવટ-ઉત્પાદનોને વિશ્વ બજારમાં સ્પર્ધા કરવા સક્ષમ બનાવવા આ કૌશલ્યવર્ધન કેન્દ્ર ગ્રોથ સેન્ટર બનશે.

વનમંત્રી કિરીટસિંહજી રાણા, આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઇ પટેલ તથા વન રાજય મંત્રી જગદીશ વિશ્વકર્મા, સાંસદ મનસુખભાઇ વસાવા, ધારાસભ્યો, સ્થાનિક અગ્રણીઓ, પદાધિકારીઓ આ અવસરે સહભાગી થયા હતા.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, દેશના અનેક રાજ્યોમાં બામ્બુ ઇન્ડસ્ટ્રી વાંસ આધારિત ઉદ્યોગોનો વિકાસ થઇ રહ્યો છે. તેમણે આ જ પગલે ગુજરાતે પણ વડાપ્રધાનના દિશાદર્શનમાં ગ્રીન ગોલ્ડ વાંસ ઉછેર-વાંસ ઉદ્યોગની ઇકોસિસ્ટમ ઉભી કરવાની દિશા લીધી છે તેની ભૂમિકા આપી હતી.

મુખ્યમંત્રીએ કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ વાંસને વૃક્ષ ગણવાના ૯૦ વર્ષ જૂના કાયદાને દૂર કરીને આદિજાતિઓના સર્વગ્રાહી વિકાસના નવા દ્વાર ખોલી આપ્યા છે.

ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, વડાપ્રધાનએ દીર્ઘદ્રષ્ટિપૂર્ણ આયોજનથી સૌના માટે વિકાસની અનેક તકો પૂરી પાડીને ગુજરાતને વિકાસનું રોલ મોડેલ, ગ્રોથ એન્જીન બનાવ્યું છે.

મુખ્યમંત્રીએ વનવાસી-આદિજાતિઓના બાળકોના અને યુવાઓના શિક્ષણ માટે રાજ્ય સરકારે આદિજાતિ વિસ્તારોમાં જે અદ્યતન સુવિધા આપી છે તેના પરિણામે ડ્રોપ આઉટ રેશિયો ઘટયો, યુવાઓને ઉચ્ચ અભ્યાસની સુવિધા મળી તેની પણ વિશદ છણાવટ કરી હતી.

ભૂપેન્દ્ર પટેલે એમ પણ જણાવ્યું કે, શિક્ષણ, સ્વાસ્થ્ય અને સુરક્ષાની પાયાની સગવડતાઓ આપીને અંતરિયાળ વિસ્તારોના આદિજાતિ અને છેવાડાના લોકોને વિકાસની મુખ્યધારામાં લાવવા સરકાર સંકલ્પબદ્ધ છે.

મુખ્યમંત્રીએ આ અવસરે રાજ્યની ૨૫ સહભાગી વન વ્યવસ્થા સમિતિઓને કુલ પાંચ કરોડ રૂપિયાના લાભ, કલસ્ટર ડેવલપમેન્ટ માટે ૩ કરોડના લાભ તેમજ ૪ વનલક્ષ્મી, ઇકો ડેવલપમેન્ટ-ઇકો ટુરિઝમના લાભોનું વિતરણ કર્યુ હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ડેડીયાપાડામાં વાંસ આધારિત કૌશલ્યવર્ધન કેન્દ્રના રૂરલ મોલ, વર્કશોપ અને આદિજાતિ મહિલાઓ સંચાલિત સાતપૂડા ભોજનાલયની મુલાકાત લઇ ત્યાંની ગતિવિધિઓ ઝિણવટપૂર્વક નિહાળી હતી. આ અવસરે બામ્બુ રીસોર્સ ઓફ ગુજરાત કોફી ટેબલ બૂકનું પણ વિમોચન કર્યું હતું. તેમ જણાવ્યું છે.(૧૩)

### રાજકોટ જિલ્લા કલેકટર અરૂણ મહેશ બાબુ દ્વારા સમીક્ષા બેઠકમાં તાકીદ

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આસપાસ જનાર કર્મચારીઓ માટે કોવિડ ટેસ્ટ ફરજીયાત

## હેલિપેડ અને કોન્વોયમાં ફાયર સેફટી, મેડિકલ અને ટ્રાન્સપોર્ટેશન વ્યવસ્થા સુદ્રઢ કરવા સુચના



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૬

રાજકોટ જિલ્લાના આટકોટ ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની પ્રેરક ઉપસ્થિતિમાં તા.૨૮ ના રોજ પટેલ સમાજ સંચાલિત કે.ડી.પી.હોસ્પિટલનું લોકાર્પણ થનાર છે. જેને અનુસંધાને જિલ્લા કલેકટર અરૂણ મહેશ બાબુના અધ્યક્ષ સ્થાને સમીક્ષા બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં કલેકટરે હેલિપેડ સ્થળ અને કોન્વોયની કામગીરી અંગે વિગતવાર જાણકારી મેળવી હતી. ફાયર સેફટી, મેડિકલ ટીમ, બી.એસ.એન.એલ. હોટલાઈનની વ્યવસ્થા સહિતના મુદ્દાઓ અંગે ચર્ચા કરી હતી. ઉપરાંત મહાનુભાવોની બેઠક વ્યવસ્થાનું સુચારુ આયોજન કરવા તાકીદ કરી હતી. સભાસ્થળ પર સામાન્ય જનતાના આરોગ્યની કાળજી રાખીને એકસ્ટ્રા એમ્બ્યુલન્સ, સિનિયર ડોક્ટર અને ફિઝિશયન ટીમને સ્ટેન્ડ બાય રાખવા સૂચના આપી હતી.

વધુમાં કલેકટરે કાર્યક્રમ સમયે પી.એમ.ની આસપાસ કામગીરી કરનાર અધિકારીઓ અને કર્મચારીઓના ફરજીયાત આર.ટી.પી.સી.આર ટેસ્ટ કરવા જણાવ્યું હતું. કાયદા અને વ્યવસ્થાના ભાગરૂપે મીડિયા પાસ અંગે થયેલી કામગીરીની માહિતી મેળવી હતી. સાથો સાથ સંબંધિત વિભાગના અધિકારીઓને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ સમીક્ષા બેઠકમાં નિવાસી અધિક કલેકટર કેતન ઠક્કર, ડી.વાય.એસ.પી. ડીઓરા, એસ.પી.જી. રવિન્દ્ર મલિક, ચીફ ફાયર ઓફિસર આઈ.વી.ખેર, મેડિકલ ઓફિસર મહેન્દ્રભાઈ ચાવડા, એર ટ્રાફિક કન્ટ્રોલર, ઇન્ડિયન એર એવીએશન, ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### આટકોટમાં વડાપ્રધાનના હસ્તે નવી હોસ્પિટલના લોકાર્પણ પ્રસંગે

## બે-અઢી લાખ લોકો માટે ભોજનની વ્યવસ્થા

**(હુસામુદ્દીન કપાસી દ્વારા)**

જસદણ, તા.૨૬

જસદણના આટકોટ ખાતે દેશનાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી એક નવનિર્મિત હોસ્પિટલનું લોકાર્પણ કરવા માટે શનિવારે સવારે પધારી રહ્યા છે. ત્યારે બે થી અઢી લાખ લોકો એકત્ર થશે. જે લોકો સભામાં આવ્યાં હશે તે પૂર્ણ થયાં બાદ તેમનાં માટે આયોજકોએ ફરસાણ, મીઠાઈ, દાળ, ભાત, શાક, રોટલી જેવી ઉત્તમ ભોજન વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. તે રસોડામાં અત્યારથી જ તૈયારીઓ શરૂ



મીઠાઈ, ફરસાણ બનાવવા અત્યારથી જ તૈયારી શરૂ

કરી દેવામાં આવી છે. આ રસોડામાં બે થી અઢી લાખ લોકો ભોજન લેશે એવી આયોજકોને ધારણા છે.

આ અંગે જસદણ ભાજપના આગેવાનો અલ્પેશભાઈ રૂપારેલિયા અને વિજયભાઈ રાઠોડે જણાવ્યું હતું કે સૌરાષ્ટ્રમાં અગ્ર હરોળની આ હોસ્પિટલ આટકોટમાં બનતાં ખાસ કરીને નરેન્દ્રભાઈ વડાપ્રધાન બન્યાં બાદ પ્રથમવાર જસદણ પંથકમાં પધારતા દરેક સમાજના નાના મોટેરાઓમાં ખુશાલીનુ ઘોડાપૂર ઉમટ્યું છે. લોકો માટે ભોજન પાણીથી લઈ આરોગ્ય સુધીની કાળજી લેવામાં આવશે. આ વ્યવસ્થા માટે હજજારોની સંખ્યામાં સ્વયંસેવકો ખડેપગે હાજર રહેશે.

## આટકોટમાં કે.ડી.પરવાડીયા હોસ્પિટલ બનશે જીવાદોરી



### ડો.ભરત બોઘરાની નિઃસ્વાર્થ સેવાભાવનાને બિરદાવતા ભાજપ અગ્રણી ચેતન રામાણી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૬

ગુજરાત પ્રદેશ ભાજપ અગ્રણી તેમજ સૌરાષ્ટ્રના ખેડૂત આગેવાન ચેતનભાઇ રામાણી કહે છે કે, આટકોટની કે.ડી. પરવાડિયા મલ્ટીસ્પેશ્યાલિટી હોસ્પિટલ લોકોની જીવાદોરી સમાન બનશે. આટકોટ વિસ્તારમાં ગરીબોને વિનામૂલ્યે તેમજ રાહત દરે સારવાર આપવા ગુજરાત પ્રદેશ ઉપાધ્યક્ષ ડો.ભરતભાઇ બોઘરાની ૫ વર્ષની ભારે જેહમત બાદ રૂ.૮૦ કરોડનું દાન મેળવી સ્વપ્ન સાકાર કરાયું છે. સૌરાષ્ટ્રને અનેકવિધ યોજનાઓની ભેટ આપનાર વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ફરી એક વખત સૌરાષ્ટ્રની અને ખાસ કરીને રાજકોટ જિલ્લાના આટકોટ ખાતે કે.ડી. પરવાડીયા હોસ્પિટલના લોકાર્પણ માટે આવી રહ્યા છે. ત્યારે આ વિસ્તારની પ્રજા તેમના આદર સત્કાર માટે ઉત્સાહિત છે. વડાપ્રધાન જ્યારે-જ્યારે સૌરાષ્ટ્ર-ગુજરાતની મુલાકાતે આવે છે ત્યારે - ત્યારે કોઈને કોઈ કલ્યાણકારી લોકસુવિધાની મોટી યોજનાની ભેટ આપતા જાય છે અને આવી યોજનાઓ થકી ગુજરાતનો વિકાસ અવિરતપણે થઈ રહ્યો છે.(૫.૧૨)

## ડો.ભરત બોઘરાનું સન્માન કરાયું





**(કરશન બામટા દ્વારા)**

આટકોટ, તા.૨૬

આટકોટ તથા આજુબાજુના લોકોને સારી સુવિધા ઉપલબ્ધ થયેલ છે તે બદલ ભરતભાઈ બોઘરાનો આભાર માન્યો હતો. જસદણ તાલુકાના લોકોને હવે થોડા પૈસામાં અહી સારી સુવિધા ઉપલબ્ધ થયેલ છે તેમ ભરતભાઈ જણાવ્યું હતું આટકોટની મિટિંગમાં ગામના લોકો ઉમટી પડ્યા હતાં ભરતભાઈ બોઘરાનું સાફો બાંધી ઢોલ-નગારા સાથે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

આટકોટ પટેલ સેવા સમાજ ટ્રસ્ટ સંચાલિત કે.ડી. પરવાડીયા મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલનું લોકાર્પણ કરવા નરેન્દ્રભાઈ મોદી આવતા હોય તેની તૈયારીઓ અને સહયોગ અંગેની સમસ્ત આટકોટ ગામના લોકોની મળેલી મિટિંગમાં કે.ડી. પરવાડીયા મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલના સ્વપ્નદ્રષ્ટા ડો.ભરતભાઇ બોઘરા અને આટકોટના જ બંને દાતાઓ પાટીદાર પરીવાર અને પરવાડીયા પરિવારનું ભવ્યાતી ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ અને સમસ્ત ગામ સ્વયંભુ ઉમટી પડ્યું હોય ત્યારે ડો.ભરતભાઇ બોઘરા પણ ખુબ ખુશ થઈ ગયા હતા.

### આર્ષ શોધ સંસ્થાન દ્વારા હરિમંદિર, અક્ષરધામ ખાતે


## યુવા માનસનો M.R.I. વિષય પર પ્રવચન યોજાશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

સારંગપુર, તા.૨૬

વર્તમાન સમયના યુવાનોના કૃત્યો સામે નજર કરીએ તો માતા-પિતા, બહેનની હત્યા, ચોરી લૂંટફાટ, આત્મહત્યા, ડ્રગ્સનું સેવન, નજીવી બાબતમાં મારામારી-યુવાનો દ્વારા આવું આચરણ. જેઓના હાથમાં દુનિયાનું વર્તમાન અને ભવિષ્ય ખેલી રહ્યું છે એ યુવાનોની આવી દશા. અહીં દર્શાવેલી ઘટનાઓ તો કેવળ આચમન જેવી છે.

તો પ્રશ્ન એ થાય છે કે સમસ્યા શું છે? એવી કઇ બાબતો છે જે યુવાનો સામે પડકાર બનીને ઊભી છે? એવા કયા પરિબળો છે જેનો યુવા માનસ પર ગંભીર પ્રભાવ પડે છે ? એવી કઇ





સમસ્યાઓ છે જે યુવાનોને સતાવે છે અને એના ઉપાયો શું છે? આ ચિંતાના સ્વીકાર સાથે યુવા માનસને સમજવા આર્ષ ત્રૈમાસિક પ્રવચનમાળાના પ્રવચન-૯૯ સામાજિક સમસ્યાના ભાગરૂપે યુવા માનસનો M.R.I. (યુવાનોની સમસ્યાઓ અને ઉકેલ)તા.૨૮ ને શનિવારના રોજ, હરિમંદિર સભાગૃહ ખાતે, સાંજે ૪.૩૦ થી ૭ દરમ્યાન યોજાશે.

આ પ્રવચનમાં વિદ્વાન સંત પૂ. જ્ઞાનનયનદાસ સ્વામી, સ્વામિનારાયણ વેદાંતાચાર્ય, બીએપીએસ સંસ્કૃત મહાવિદ્યાલય, સારંગપુરના વક્તવ્યનો લાભ પ્રાપ્ત થશે. સૌ શ્રોતાજનોને લાભ લેવા જણાવાયું છે.

## નરેશ પટેલ તા.૩૧મી સુધીમાં નિર્ણય જાહેર કરશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૬

નરેશ પટેલે ત્રણ મહિના પૂર્વે રાજકારણમાં જોડાવાની ઈચ્છા વ્યકત કર્યા બાદ ખાનગી રીતે સરવેનો રિપોર્ટ આવ્યા બાદ પોતાનો નિર્ણય જાહેર કરશે તેવી વાત કરી હતી. બુધવારે મીડિયા કર્મીઓ સાથેના મિલનમાં નરેશ પટેલે રાજકારણમાં જોડાવું કે નહીં તે અંગે કોઈ બોલ્યા હતા નહીં. આગામી તા.૨૮મીએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી આટકોટ આવી રહ્યા છે ત્યારે તે કાર્યક્રમમાં પોતે હાજર નહીં રહે. તેવું કહેતા ફરીથી અનેક તર્કવિર્તક શરૂ થયા હતા. નરેશ પટેલની નજીકના અંતરંગ સુત્રો પાસેથી જાણવા મળ્યું છે કે, નરેશ પટેલ રાજકારણમાં જવાનો ઈરાદો માંડી વાળવાનું મન બનાવી ચૂકયા છે એટલે જ બુધવારે યોજેલા મીડિયા મિલનમાં કોઈ મોટી જાહેરાત કરી ન હતી. તા.૩૧મી સુધીમાં નિર્ણય જાહેર કરશે તેમ કહી વધુ એક મુદત પાડી હતી.

## ભાયાવદર અને અરણી ગામેથી ગેરકાયદેસર ગેસની બોટલો ઝડપાઈ

### ઉપલેટા મામલતદાર દ્વારા કરાઈ કાર્યવાહીઃ રૂા.૭૩,૫૫૦ નો મુદ્દામાલ સીઝ

**(આશિષ લાલકિયા દ્વારા)**

ઉપલેટા, તા.૨૬

ઉપલેટા મામલતદાર જી.એમ. મહાવદિયાએ ઉપલેટા તાલુકાના ભાયાવદર ગામેથી તેમજ પરણી ગામેથી ગેરકાયદેસર રીતે મળી આવેલ ૩૦ જેટલા મેસેજ કરીને રૂપિયા ૭૩,૫૫૦ નો મુદ્દામાલ સીઝ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ભાયાવદર હોળીધાર વિસ્તારમાં જય વડવાળા ઓટો શોપના માલીક દ્વારા ઈન્ડેનગેસના ઘરવપરાશના બાટલા પ્રણવ ગેસ એજન્સી જામકંડોરણા ગામના ચિત્રાવડ ગામ પાસેથી મેળવી બીલ કે આધાર વગર કોમર્શિયલ હેતુ



માટે મુક્ત બજારના ભાવે વેચતા કુલ ૫ નંગ બાટલા ઝડપી અને ત્યાંથી રૂા.૧૭,૭૫૦ નો જથ્થો સીઝ કર્યો છે.

આ સાથે અરણી ગામે શાંતિલાલ જેઠાભાઈ સભાયાની બાપા સીતારામ પાનની દુકાને ઈન્ડેન ગેસના ઘર વપરાશના વગર બીલના બાટલા પ્રણવ ગેસ એજન્સી પાસેથી મેળવી કોમર્શીયલ હેતુ માટે વેચાતા હોવાનુ જાહેર થતાં ભરેલા તેમજ ખાલી મળી કુલ ૨૫ બાટલા કબ્જે કરીને રૂા.૫૫,૮૦૦ નો જથ્થો સીઝ કર્યો છે. આમ ઉપલેટા મામલતદારે કુલ ૩૦ જેટલા બાટલાઓ સીઝ કરીને રૂા.૭૩,૫૫૦ નો મુદ્દામાલ સીઝ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઉપલેટા મામલતદાર દ્વારા ગેરકાયદેસર રીતે ગેસ સિલિન્ડરની આ પ્રકારની કામગીરી ઝડપવાની સાથે જ ઉપલેટા પંથકના આ પ્રકારની પ્રવૃત્તિ કરતા લોકોમાં અને વ્યાપારીઓમાં ભારે ફફડાટ ફેલાયો હોવાનું પણ હાલ સામે આવી રહ્યું છે.

### રાજકોટ સીંગર્સ કરાઓકે ગૃપ આયોજીત

## સુમધુર ગીતોની કરાઓકે સંગીત મહેફીલ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૬

રાજકોટ સીંગર્સ કરાઓકે ગૃપ તથા રૂષભ-વાટિકા આયોજીત જૂના નવા ગીતો કરાઓકે ટ્રેક ઉપર વિવિધ કલાકારોએ રૂષભ-વાટિકા ખાતે માણ્યો.

આ કાર્યક્રમમાં પ્રખ્યાત ગૃપના કલાકારો એ હાજરી આપી હતી. ચંદ્રકાંતભાઈ શેઠ, શોભનાબેન વિઠલાણી, અશોકભાઈ મોદી, નરેન્દ્રભાઈ ઝીબા, ધનશ્યામભાઈ રાવલ, કીરીટભાઈ દોશી, દેવેન્દ્રભાઈ શાહ, નીતાબેન ઉપાધ્યાય, વિ. સહિતના વિવિધ મહાનુભાવોએ દીપ પ્રાગટ્ય કરેલ હતુ.

શોભનાબેન વિઠલાણી દ્વારા આયોજીત અને ચંદ્રકાંતભાઈ શેઠ દ્વારા સંકલીત આ સુમધુર કાર્યક્રમની અંદર ઘણાબધા સીંગર્સએ ભાગ લીધેલ હતો. આ કાર્યક્રમમાં શોભનાબેન વિઠલાણી, ચંદ્રકાંતભાઈ શેઠ, નીતાબેન ઉપાધ્યાય, સુરેશભાઈ ઠકકર, કાશ્મીરાબેન રાઠોડ, નરેન્દ્રભાઈ ખખ્ખર, મધુબેન ઠકકર, મનીષાભાઈ વ્યાસ, અબ્દુલભાઈ, નાસીરભાઈ, શમીમબેન, વર્ષાબેન ગજજર, પ્રભુદાસભાઈ રાજાણી, નરેન્દ્રભાઈ ઝીબા, કૈલાસબેન કાઠવાડીયા, સંજયભાઈ પંડયા, ડો. રાઠોડ, જયસુખભાઈ કાઠવાડીયા વિ.એ સુમધુર કંઠ દ્વારા ગીતો પીરસાવેલ હતા.

### ડિવાઈન ચેરીટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે

## જામજોધપુર ખાતે નેત્રયજ્ઞ-દંતયજ્ઞનું આયોજન

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૬

ગાયત્રી પરિવાર જામજોધપુર અને શિવાનંદ મિશન વીરનગર તેમજ ડિવાઈન ચેરીટેબલ ટ્રસ્ટ રાજકોટના સંયુક્ત ઉપક્રમે અગામી તા.૨૬ ને ગુરુવારે નેત્રયજ્ઞ-દંતયજ્ઞનું આયોજન સવારે ૯ થી ૧૨, ગાયત્રી મંદિર, ધ્રાફારોડ, જામજોધપુર ખાતે કરવામાં આવેલ છે. મોતિયાની તકલીફ હશે તેને ઓપરેશન માટે વીરનગર સંસ્થાની બસમાં લઇ જશે અને વિનામુલ્યે ઓપરેશન કરી પરત જામજોધપુર મૂકી પણ જશે. આ સાથે રહેવા- જમવા અને દવા સહિત તમામ સુવિધા મફત મળશે. દાંતના કેમ્પમાં ડો.જયસુખ મકવાણા, ડો.સુરભી બજાજ અને ડો.સંજય અગ્રાવત તેમજ મોનિકા ભટ્ટ અને જાગૃતિ ચૌહાણ, હસુભાઈ મકવાણા, રાજુભાઈ વરિયા, વહીદ મારફાની સેવા આપશે. દાંતના રોગીની તપાસ કરી જરૂર હશે તેમના દાંત જાલંધર બંધ વડે ઇન્જેક્શન વગર સ્થળ પર જ કાઢી આપશે.(૧.૧૨)

## RBL બેંકમાં બોગસ એકાઉન્ટ ખુલતા પો.કમિશનરને ફરિયાદ કરાઈ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૬

રિટેલ વાસણ વેચવાનો ધંધો કરનાર ફરિયાદીનું બોગસ બેંક એકાઉન્ટ ખુલતા ફરિયાદીએ પોલીસ કમિશનરને લેખિતમાં ફરિયાદ કરેલ છે.

આ કેસની હકીકત મુજબ ગત તા.૩૦/૪ ના રોજ શહેરનાં કોઠારીયા મેઈન રોડ પર રહેતા ફરિયાદી આદર્શ રમેશભાઈ તન્ના રિટેલ વાસણ વેચવાનો ધંધો કરે છે. સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાંથી RBL બેંકમાં બોગસ બેંક એકાઉન્ટ ખોલવાની નોટીસ મળતા ફરિયાદીએ પોતાની માંગ્ય મુજબની વિગતો દર્શાવતા પોલીસ સ્ટેશનમાંથી જાણવામાં આવેલ કે ફરિયાદીનું નામનું બોગસ એકાઉન્ટ RBLબેંકમાં ઓનલાઇન ખોલવામાં આવેલ હતું. જેથી ફરિયાદીએ પોલીસ કમિશનરને જાણ કરી ગુનેગારો સામે કડક પગલા હાથ ધરવા લેખિત ફરિયાદ આપવામાં આવેલ હતી. આ કેસમાં ફરિયાદી તરફે એડવોકેટ રાજદીપ એમ.દાસાણી રોકાયેલ છે.(૧૪.૧૨)



### સમસ્ત કોળી સમાજ દ્વારા નવી પ્રેરણાદાયી પહેલ

## રાજકોટમાં ૬ જૂને સમૂહ સગાઈ ઉત્સવ

### દીકરી પક્ષને સગાઈની શ્રીફળવિધિનો ખર્ચ બચે એવા ઉમદા હેતુસર આયોજન, નોંધણી ચાલુ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૬

અત્યાર સુધી દરેક સમાજમાં સમૂહ લગ્નોત્સવનાં આયોજન થતા આવ્યા છે. પણ હવે રાજકોટમાં સમસ્ત કોળી સમાજ દ્વારા સગાઇ/ શ્રીફળ વિધીનું તા.૬-૬ સોમવારે સાંજે ૪ કલાકે ગ્રીનલેન્ડ ચોકડી પાસે, રીયલ મેળાના ગ્રાઉન્ડમાં રાજકોટ મુકામે જાજરમાન આયોજન કરાયું છે. કોળી સમાજમાં દીકરી પક્ષવાળાને સગાઇ/ શ્રીફળવિધીનો ખર્ચ બચે તેને ધ્યાનમાં લઇને ગુજરાત રાજ્યમાં કોળી સમાજમાં પહેલીવાર પ્રથમ સમૂહ સગાઇ ઉત્સવના આયોજન માટે કોળી શક્તિ યુવક મંડળ અમરેલી અને જય વેલનાથ જય માંધાતા સમિતિ- રાજકોટ દ્વારા તડામાર તૈયારી ચાલુ કરી દેવામાં આવી છે. એકપણ રૂપિયાના ખર્ચ વગરની સગપણવિધીનો લાભ લેવા સમસ્ત કોળી જ્ઞાતિજનોને નમ્ર અપીલ કરાઈ છે. વિશાળ ગ્રાઉન્ડમાં સગાઇ માટે અલગ-અલગ મંડપની વ્યવસ્થા રાખેલ છે. જે પરિવાર આ પ્રસંગમાં જોડાવા માંગતા હોય તો રમેશભાઇ ગોહિલનો મો. ૯૩૭૪૭ ૩૪૮૨૦, ૭૯૮૪૫ ૯૪૪૨૪ ઉપર સંપર્ક કરીને નામ નોંધાવા વિનંતી કરાઈ છે. આ પ્રથમ વિચારને સફળતા મળે અને સાથે-સાથે સમગ્ર સૌરાષ્ટ્ર, ગુજરાતનાં ચુંવાળીયા, તળપદા, ઘેડીયા સમાજની ચાલતી વિવિધ સંસ્થાના સર્વે હોદેદારો, કાર્યકરો તેમજ તમામ જીલ્લાના કોળી સમાજના આગેવાનો સગાઇવિધી પ્રસંગે વધુને વધુ સંખ્યામાં ઉપસ્થિત રહે તેવા પ્રયત્ન કરવા પણ અનુરોધ કરાયો છે.(૫.૧૨)

## વડિયામાં પાણીના ટાંકાનું ખાતમુહૂર્ત કરતા પૂર્વ કેબિનેટ મંત્રી



**(કિરીટ જોટવા દ્વારા)**

વડિયા, તા.૨૬

ઉનાળો આવતાની સાથે જ પાણીની સમસ્યાઓ ઉભી થતી હોય છે. ત્યારે તેને દૂર કરવા માટે પાણીના સંગ્રહ અને વિતરણ માટેની ટકાઉ સગવડ ઉભી કરવી ખૂબ જરૂરી બને છે. આ સંદર્ભે વડિયામાં પાણી વિતરણની સમસ્યા બાબતે ઉભી થતી મુશ્કેલીના નિવારણ માટે વડિયાના મુખ્ય ત્રણ વિસ્તાર સુરગપરા, કૃષ્ણપરા અને સદગુરૂનગરની પાણી સંગ્રહની અલગ વ્યવસ્થા ઉભી કરવા માટે છેલ્લા એક મહિનામાં બે લાખ લીટર પાણીની ક્ષમતાવાળા બે ટાંકાનુ નિર્માણ કરવામાં માટે વાસ્મો યોજના અંતર્ગત પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુ ઊંધાડ દ્વારા થોડા સમય પેહલા એક ટાંકાનું ખાતમુહૂર્ત કરાયું હતું.(૧.૧૨)

## મહાનગરપાલિકા દ્વારા કરાયું આયોજન

# કિશાનપરા ખાતે LED સ્ક્રીનમાં IPL ફાઇનલ મેચનું લાઇવ પ્રસારણ

### લોકોને ઉમટી પડવા મેયર પ્રદિપ- સ્ટે. ચેરમેન પુષ્કર પટેલ તથા સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન પરેશ પીપળીયાનો અનુરોધ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ તા. ૨૬

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ગુજરાતની ટીમ ફાઇનલમાં પહોંચતા વધામણા કરવાની સાથે ફાઇનલ મેચ જોવાનું સમગ્ર રાજકોટ શહેરવાસીઓ માટે અનોખુ આયોજન કરવામાં આવ્યું છે.

તા.૨૯ને રવિવારના રોજ ફાઇનલ મેચ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડીયમ ખાતે યોજાવાનો છે. પોઇન્ટ ટેબલમાં ટોચના સ્થાને રહેલ ગુજરાત ટાઇટન્સની ટીમે રાજસ્થાન રોયલ્સને એલીમીનેટર-૧માં હરાવી ફાઇનલમાં પોતાનું સ્થાન પાકુ કરતા સમગ્ર ગુજરાતના લોકોમાં ખુશીનું મોજુ ફરી વળ્યું છે.

મેયર ડો. પ્રદીપ ડવ અને સ્ટે. ચેરમેન પુષ્કર પટેલ તથા પરેશ પીપળીયાએ આયોજન અંગે માહિતિ આપતા જણાવેલ કે, ગુજરાત ટાઇટન્સની ટીમ પહેલીવાર આઇપીએલમાં રમી રહી છે અને ફાયનલમાં પણ પહોંચી જતા રવિવારના રોજ યોજાનાર ફાયનલ મેચના લાઇવ પ્રસારણનું LED સ્ક્રીન ઉપર ડીજેના તાલે જાહેર જનતા માટે કીશાનપરા ચોક ખાતે આયોજન કરવામાં આવ્યું છે.

વધુમાં મેયર અને સ્ટેન્ડીંગ ચેરમેને રાજકોટની રંગીલી રમત ગમત પ્રેમી જનતાને રવિવારે સાંજથી જ ગુજરાત ટાઇટન્સનો મેચ નિહાળવા ખાસ આમંત્રણ પાઠવ્યું છે.

# લેહ-શ્રીનગરમાં ૧૨૦૦ ફૂડ ઉંડી ખીણમાં વાન ખાબકી: સુરતના ટૂર-સંચાલક સહિત ૯નાં મોત



સુરત: લેહ-શ્રીનગર રાષ્ટ્રીય રાજમાર્ગ પર જોજીલા પાસિંગ નજીક મંગળવારે મોડી રાત્રિના સમયે એક ગાડી ઊંડી ખીણમાં પડી જવાને કારણે કુલ ૯ લોકોનાં મોત થયાં હતાં. આ દુર્ઘટનામાં સુરતના એક ૩૬ વર્ષીય યુવકનું પણ મૃત્યુ થયું છે. મૃતક અંકિતનાં બે બાળકો પણ છે. તેમના મોતને લઈને પરિવાર શોકમાં ગરકાવ થઇ ગયો છે.લેહ-શ્રીનગર રાષ્ટ્રીય રાજમાર્ગ પર જોજીલા પાસિંગ નજીક મંગળવારે મોડી રાત્રિના સમયે એક ગાડી ઊંડી ખીણમાં પડી જવાને કારણે કુલ ૯ લોકોનાં મોત થયાં હતાં. આ દુર્ઘટનામાં સુરતના ૩૬ વર્ષીય યુવકનું પણ મૃત્યુ થયું છે. મૃતક અંકિત સંઘવી ટૂર-સંચાલક છે અને તેના પરિવારમાં પત્ની અને બે બાળકો, માતા-પિતા અને એક બહેન, ભાઈ છે. શ્રીનગર પોલીસે અકસ્માત બાદ અંકિતના ફોનમાં છેલ્લે ડાયલ કરવામાં આવેલો નંબર જોડીને તેના પરિવારને આ દુ:ખદ ઘટનાની જાણકારી આપી હતી.

મૃતકો પૈકીના ૨ લોકો જમ્મુ-કાશ્મીરના છે, જ્યારે બાકીના સૌ અન્ય રાજ્યના પર્યટકો હતા. અકસ્માત બાદ પોલીસ, સેના અને બીઆરઓના બચાવકર્મીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને ૭ લોકોના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા હતા. ત્યાર બાદ બુધવારે સવારે વધુ ૨ લોકોના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા હતા.

## ખેડામાં બે ભાઇઓ વચ્ચે ગેમ રમવા બાબતે

# એક ભાઇએ બીજા ભાઇની હત્યા કરી



**(એજન્સી સમાચાર)**
નડિયાદ, તા.૨૬

મોબાઈલ ગેમ્સ રમવા બાબતે થયેલા મનદુ:ખમાં કિશોરે પોતાના પિતરાઈ ભાઈને પથ્થર મારી કૂવામાં ફેંકી દેવાની ચકચારી ઘટના આજે ખેડા જિલ્લામાં પ્રકાશમાં આવી છે. ખેડા તાલુકાના ગોબલેજ ગામે બનેલા બનાવથી સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે. ખેડા ટાઉન પોલીસે આ સંદર્ભે કિશોર સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી દીધી છે.

મૂળ રાજસ્થાનના બાંસવાડા જિલ્લાના દામસાથ ગામના અને હાલ ખેડા પાસેના ગોબલજ ગામની સીમમાં પીક એન્ટરપ્રાઇઝ પ્રા. લિ. પાસે રહેતા ૩૪ વર્ષિય જીતમલ ઝીથરા વાલહી દામસાથના ૧૨ વર્ષિય પુત્ર વિઝેશની હત્યા થઈ છે. જીતમલ પોતાના ભાઈ સાથે અહીંયા રહી ગુજરાન ચલાવે છે. વિઝેશ અને તેના કાકાનો ૧૬ વર્ષિય દીકરો બંન્ને ગઈકાલે બુધવારે ૨૨મી મેના રોજ સાંજે પાણીપુરી ખાવાનું કહી ઘરેથી નીકળ્યા હતા.

ઘરેથી નીકળેલા આ બંન્ને પિતરાઈ કિશોરો મોડી સાંજ સુધી ઘરે પરત આવ્યા નહોતા. તેથી પરિવારજનોએ શોધખોળ આદરી હતી. દરમિયાન ૧૬ વર્ષિય કિશોરની ભાળ મળતાં તેણે પોતાના માવતર સામે ચોંકાવનારો ઘટસ્ફોટ કર્યો હતો. જેમાં આ કિશોરે પોતાના પિતરાઈ ભાઈ વિઝેશની હત્યા કરી દીધી હોવાનું જણાવ્યું હતું. દરમિયાન આ બંન્ને કિશોર પૈકી એક જોડે એન્ડ્રોઇડ ફોન હતો. જેમાં આ બંન્ને પિતરાઈ ભાઈ વારાફરતી ફ્રી ફાયર ગેમ રમતા હતા.

આ દરમિયાન બે પિતરાઈ ભાઈઓ ગેમ રમવાના વારા અંગે મનદુ:ખ થતા કિશોરે પોતાના પિતરાઈ ભાઈ વિઝેશને માથામાં વજનદાર પથ્થર માર્યો હતો. જેના કારણે વિઝેશ ત્યાં સ્થળ પર જ બેભાન થઈ ગયો હતો. પથ્થર મારનારા કિશોરે માની લીધું હતું કે વિઝેશ મૃત્યુ પામ્યો છે. જેથી આસપાસ કોઈ ન હોવાથી તે પણ ગભરાઈ ગયો હતો અને બેભાન પિતરાઈ ભાઈના હાથ તારથી બાંધી પથ્થર સાથે તેને નજીકના કૂવામાં ફેંકી દીધો હતો. જ્યાં બેભાન વિઝેશનું કુવાના પાણીમાં ડૂબી જતાં મૃત્યુ થયું હતું. આમ સમગ્ર બનાવ પ્રકાશમાં આવતા જીતમલ ઝીથરા વાલહી દામસાથે ખેડા ટાઉન પોલીસને આ બનાવની જાણ કરી હતી. આથી પોલીસે ઘટનાસ્થળે દોડી આવી મૃતક કિશોરના મૃતદેહને કુવામાંથી બહાર કાઢી પીએમ અર્થે ખસેડ્યો હતો. આ અંગે પોલીસે કિશોર સામે ફરિયાદના આધારે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.(૩)

# રાજકોટ જિલ્લા ભાજપ અનુ. જાતિ મોરચા દ્વારા બેઠકોનો ધમધમાટ

### વડાપ્રધાનના આટકોટ ખાતેના કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકોને સહભાગી બનાવવા કવાયત

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૬

જીલ્લા ભાજપ અનુ.જાતી મોરચા દ્વારા જીલ્લાભરમાં વડાપ્રધાનનાં કાર્યક્રમ અંતર્ગત બેઠકોનો ધમધમાટ ચાલુ કરાયો છે. આગામી તા.૨૮ના રોજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આટકોટ ખાતે કે.ડી.પરવાડીયા હોસ્પિટલના લોકાર્પણ કાર્યક્રમ અંતર્ગત રાજકોટ જીલ્લા ભાજપ અનુ.જાતી મોરચા દ્વારા સમગ્ર જીલ્લાના ઉપલેટા શહેર/તાલુકા, ભાયાવદર શહેર, ધોરાજી શહેર/તાલુકા, જેતપુર શહેર/તાલુકા, જામકંડોરણા, ગોંડલ શહેર/તાલુકા, કોટડાસાંગાણી, લોધિકા તાલુકા, રાજકોટ તાલુકા, પડધરી તાલુકામાં પ્રવાસ કરવામાં આવ્યો હતો.



જેમાં લોધિકા તાલુકામાં જીલ્લા ભાજપ અનુ.જાતિ મોરચાના પ્રમુખ મનોજભાઈ રાઠોડ, તાલુકા ભાજપ પ્રમુખ મુકેશભાઈ કમાણી, તાલુકા અ.જા. મોરચા પ્રમુખ કિશોરભાઈ ખીમસૂરીયા, જીલ્લા કિસાન મોરચા મંત્રી પ્રવીણસિંહ ડાભી, જીલ્લા અ.જા.ઉપપ્રમુખ વજુભાઈ મકવાણા, જી.અ.જા.મોરચા આઈ.ટી.ઇન્ચાર્જ જસવંતભાઈ દાફડા, લોધિકા તા.પંચાયતના ઉપપ્રમુખ કિશોરભાઈ સહીતના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. વડાપ્રધાનના કાર્યક્રમમાં લોકોને બહોળી સંખ્યામાં જોડાવા માટે અપીલ કરી હતી.(૫.૧૧)

### ધન્વંતરિ યોગ એન્ડ નેચરોપથી ઈન્સ્ટિટયૂટ દ્વારા

# કાલે નિ:શુલ્ક પ્રાકૃતિક ઉપચાર અને યોગ જાગૃતિ કેમ્પ

### રેસકોર્ષ ખાતે સવારે ૭ થી ૮:૩૦ દરમ્યાન જાહેર જનતાને લાભ લેવા અપીલ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૬

ધન્વંતરી યોગ એન્ડ નેચરોપથી ઈન્સ્ટીટયુટ દ્વારા આગામી ૨૭ મે ના રોજ સવારે ૭ થી ૮:૩૦ વાગ્યા દરમિયાન જાહેર જનતા માટે નિ:શુલ્ક પ્રાકૃતિક ઉપચાર અને યોગ જાગૃતિ કાર્યક્રમ એનર્જી પાર્ક, રેસકોર્સ ખાતે યોજાયેલ છે. તેમાં જાહેર જનતાને ભાવભર્યું આમંત્રણ છે.

આ કાર્યક્રમમાં મુખ્ય વકતા તરીકે જીવનભારતી પ્રાકૃતિક ચિકિત્સા કેન્દ્ર, બાલભારત પ્રાથમિક શાળાના સંચાલક, પ્રાકૃતિક ચિકિત્સક (નેચરોપથી), લેક્ચરર, લેખક, યોગ શિક્ષક, મંત્રી ગાંધી સ્મારક પ્રાકૃતિક ચિકિત્સા સમિતિ- નવી દિલ્હી ડો. સચ્ચિદાનંદ યોગ્ય માર્ગદર્શન આપશે.

પ્રાકૃતિક ચિકિત્સા પદ્ધતિએ એક ચિકિત્સા પદ્ધતિની સાથો-સાથ જીવન જીવવાની શૈલી પણ છે. પ્રાકૃતિક ઉપચાર અને યોગ દ્વારા કોઇપણ પ્રકારની દવા વગર સ્વસ્થ કેમ થવું એ શીખવે છે. પ્રાકૃતિક ચિકિત્સા દ્વારા ચામડીના રોગ, લોહીના રોગ, પેટના રોગ, હૃદય રોગ, ફેફસાના રોગ, વાળ ખરવા અને કેન્સર સુધીના સાધ્ય-અસાધ્ય રોગોની સારવાર કરી ખુબ જ સારા પરિણામો મળ્યા છે.

આ જ્ઞાનનો લાભ લેવા આપની કાર્યક્રમમાં હાજરી જરૂરી છે, તો આપને કાયક્રમમાં આવવા હાર્દિક આમંત્રણ આપીએ છીએ. વધુ માહિતી માટે ધન્વંતરી યોગ એન્ડ નેચરોપથી ઈન્સ્ટીટયુટ (મો. ૮૧૪૧૫૩૭૩૮૩) ને સંપર્ક કરવો તેમ યાદીમાં જણાવ્યું છે.(૧૩.૧૨)


**વાચકોએ નોંધ લેવી**

**કે કોઇપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.**

**વ્યવસ્થાપક: સૌરાષ્ટ્ર ક્રાંતી**


### રોટરી ક્લબ ઓફ રાજકોટ મિડટાઉનના સહયોગથી

# મનોદિવ્યાંગ દીકરીઓ માટે હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાયો

### એકરંગ સંસ્થાની મનોદિવ્યાંગ દીકરીઓને લેબોરેટરી રીપોર્ટની પણ વ્યવસ્થા કરાઈ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૬

રાજકોટ સ્થિત ૮૦ ફૂટ રોડ પર અમૂલ સર્કલ પાસે ગુજરાત ફોજીંગ કંપનીની પાછળ આવેલ એકરંગ સંસ્થાની મનોદિવ્યાંગ દિકરીઓના સ્વાસ્થ્ય, સલામતી અને તંદુરસ્તી જળવાઇ રહે તે હેતુથી સંસ્થાની દિકરીઓની હેલ્થ સારવાર અંતર્ગત મેડીકલ ચેક અપ કેમ્પનું આયોજન કરવામાં આવેલ.

એકરંગ સંસ્થા દ્વારા વિષમ પરિસ્થિતિમાં પણ મનોદિવ્યાંગ દિકરીઓની યોગ્ય સારસંભાળ અને કાળજી રાખતી સંસ્થા દ્વારા સંસ્થાની મનોદિવ્યાંગ દિકરીઓ માટે ગત તા.૨૧/૫ ના રોજ રોટરી કલબ ઓફ રાજકોટ મિડટાઉનના સહયોગથી રોટરી હોસ્પિટલ ખાતે હેલ્થ ચેકઅપ કેમ્પ તથા મેડીકલ ચેક અપ કેમ્પનું આયોજન કરવામાં આવેલ. જયાં એકરંગ સંસ્થાની દિકરીઓ માટે આંખોની તપાસ, દાંતની તપાસ, હિમોગ્લોબીન, સુગર લેવલ ચેક અપ તેમજ થાઇરોઇડ જેવા ટેસ્ટ કરાવવામાં આવેલ. રોટરી કલબ ઓફ રાજકોટ મિડટાઉનના



પ્રમુખ સંદીપભાઇ બાવીશીના માર્ગદર્શન હેઠળ કલબના પ્રવૃતિશીલ સભ્ય અને ભૂતપૂર્વ પ્રમુખ ડો. બાનુબેન ધકાણ અગ્રેસર રહી સંસ્થાની દિકરીઓની હેલ્થ સારવાર અંતર્ગત મેડીકલ ચેક અપ કાર્યક્રમનું આયોજન કરાયું.

જેમાં સંસ્થાની દિકરીઓને હોસ્પિટલ સુંધી લાવવા લઇ જવાની સગવડતાથી લઇને લેબોરેટરી ચેક અપ પૂર્ણ થતા દિકરીઓ માટે મવાની વ્યવસ્થા પુરી પાડવા સુધીની સગવડતા કલબના સભ્યો દ્વારા પુરી પાડવામાં આવેલ. રોટરી મિડટાઉન હોસ્પિટલના સંચાલક કલ્પરાજભાઇ મેહતા દ્વારા એકરંગ સંસ્થાની દિકરીઓ માટે દરેક લેબોરેટરી ટેસ્ટ રીપોર્ટ કરાવવાની વ્રુસ્થા કરવામાં આવેલ જે અંતર્ગત હોસ્પિટલના દરેક સેવાભાવી સ્ટાફનો પણ પુરતો સહયોગ મળી રહેલ. એકરંગ સંસ્થાના પ્રમુખ દિપીકાબેન કમલેશભાઇ પ્રજાપતિ દ્વારા રોટરી કલબ ઓફ રાજકોટ મિડટાઉનના પ્રમુખ સંદીપભાઇ બાવીશી, કલબના દરેક સભ્યો તથા હોસ્પિટલના સંચાલનકર્તા કલ્પરાજભાઈ મહેતા તથા સ્ટાફ મેમ્બર્સનો આભાર વ્યક્ત કરેલ છે. તેમ યાદીમાં જણાવ્યું છે.(૧૩.૧૧)

### પોરબંદર ખાતે નેત્રયજ્ઞ-દંતયજ્ઞ કેમ્પ યોજાયો

# ૧૮ દર્દીઓને નેત્રમણી અને ૧૧ વડીલોને બત્રીસી નિ:શુલ્ક અપાઈ



### દર્દીઓને વિરનગર લઈ જઈ તમામ સુવિધા વિનામૂલ્યે અપાઈ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રજકોટ, તા.૨૬

જલારામ મંદિર ગ્રીન ફ્ડે , લંડન - યુ.કે. અને દિવ્ય જીવન વ સંઘ-શિવાનંદ મિશન તેમજ હોવાઈન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા બીલનાથ મહાદેવ મંદિર, મુ.બિલેશ્વર વિનામૂલ્યે નેત્રયજ્ઞ, દંત યજ્ઞ સારવાર કેમ્પનું આયોજન માં ૧૮ દર્દીને આંખના ઓપરેશન અને નેત્રમણી આરોપણ તેમજ ૧૧ વડીલોને દાંતની બત્રીસી બનાવી આપવામાં આવી. લંડન નિવાસી મૂળ બિલેશ્વર અને મલાવીના વતની સ્વ.અનસુયાબેન મોહનલાલ ચોટાઈની સાતમી પુણ્યતિથી નિમિત્તે તેમની પ્રેમભરી યાદમાં હસ્તે: નુતન ભીમજીયાણી, માધવી પુજારા, અને ભાવના ઘેલાણી દ્વારા આર્થિક અનુદાન મળેલ છે. શિવાનંદ મિશન વીરનગરના ડો.ભટ્ટ અહેબ અને ટીમ દ્વારા ૮૯ના દર્દી તપાસ કરી હતી. બસ દ્વારા વીરનગર લઇ જઈ ઓપરેશન, દવા, રહેવા-જમવાની તમામ વ્યવસ્થા વિનામૂલ્યે કરેલ. દર્દીઓને ભોજન પ્રસાદ પણ દાતા પરિવાર તરફથી કરવામાં આવેલ.

કેમ્પમાં સતાપરના અગ્રણી અશોકભાઈ પરમાર, તરસાઇના સરપંચ રમેશભાઈ, મહેશગીરી બાપુ અને અનેક આગેવાનો ઉપસ્તિથ રહેલ. દર્દીઓનેને ભોજન પ્રસાદ અને બટુક ભોજનનું આયોજન પણ કરવામાં આવેલ. પ્રચાર પ્રસાર અને વ્યવસ્થા બિલેશ્વરના મહંત મહેશગીરીબાપુ અને તેની ટીમ તેમજ પોરબંદરના લાલા ભાઈ કારિયા એ કરેલ. તેમ યાદીમાં જણાવ્યું છે.(૧૩.૧૧)

# કોથમીરના ભાવ આસમાને પહોંચશે..?



### લીંબુની આવકમાં વધારો થતા ભાવોમાં ઘટાડો જોવા મળ્યો



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૬

રાજકોટ સહિત રાજયભરમાં થોડા સમય પહેલા લીંબુમાં ભાવ આસમાને આંબી ગયા હતા. ઉનાળાની કાળઝાળ ગરમીમાં લીંબુની આવક કોઇ કારણોસર ઓછી થતાં ભાવ આસમાને પહોંચ્યા હતા. લીંબુના ભાવમાં અચાકન જ આટલો વધારો થતાની સાથે જ લોકોમાં ભારે દેકારો જોવા મળ્યો હતો. આટલા ભાવ વધારાની અસર અનેક જગ્યાએ જોવા મળી હતી. જેમ કે, ખાણીપીણીની બજારો સહિત રેસ્ટોરન્ટામાં લીંબુ તો જાણે ગાયબ થઇ ગયા હોય તેવું જોવા મળ્યું. આજથી એકંદરે એક માસ પહેલાની વાત કરીએ તો લીંબુના ભાવ રૂ.૪૦૦ કે તેથી વધુ જોવા મળ્યા હતા. લીંબુની આવક વધતાની સાથે ભાવમાં ઘટાડો થયો હતો. ગરમીની સીઝનમાં લીંબુના ભાવ ઘટવાથી ગૃહિણીમાં હાશકારો જોવા મળ્યો. હોલસેલ બજારમાં રૂ.૫૫ કિલો અને રીટેઇલ બજારમાં રૂ.૮૫ કિલોએ લીંબુ વેચાઇ રહ્યા છે. જો કે, પશ્ચિમ વિસ્તારની બજારમાં ૯૦ થી ૯૫ના ભાવે વેચાઇ રહ્યા છે. ત્યારે બીજી બાજુ જોવા જઇએ તો સામાન્ય દિવસોમાં કોથમીરનો ભાવ રૂ.૪૦ કિલોએ મળતી હતી જેના ભાવ અત્યારે ત્રણ ગણા વધીને રૂ.૧૨૦ની કિલો મળી રહી છે.

જયારે લીલા શાકભાજીના ભાવો હોલસેલ અને સેમીહોલસેલમાં રૂ.૪૦ થી ૫૦ કિલોના ભાવે મળી રહ્યા છે. વધુમાં હોલસેલ વેપારીઓએ જણાવ્યું હતું કે, લીંબુની સારી આવકને પરીણામે આગામી દિવસોમાં લીંબુના ભાવમાં ઘટાડો જોવા મળશે, પરંતુ ટમેટાની આવક ઓછી થતા હોલસેલમાં રૂ.૩૫ થી ૪૦ના કિલો મળી રહ્યા છે. જયારે રીટેઇલ માર્કેટમાં અંદાજીત રૂ.૬૦ના કિલો મળી રહ્યા છે. વેપારીઓ દ્વારા એવી શકયતા વ્યકત કરવામાં આવી છે કે, અગાઉના દિવસોમાં ટમેટાના ભાવમાં હજુ ઉછાળો આવી શકે છે.(૧૩.૧૧)





ફિલ્મ પ્રોડક્શન હાઉસ હવે રાજકોટ માં...

વીડી ફિલ્મસ પ્રાઇવેટ લીમીટેડ

હવે તમારા બિઝનેસ મા વધારો કરવા માટે વિડિયો એડ અને કોર્પોરેટ વિડિયો બનાવો

95123 30013

બીગ બજાર પાછળ, મારૂતી ચોક પાસે, રાજકોટ

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતિ સાંધ્ય દૈનિક

ઘરે બેઠા મિનિટોમાં વ્હોટ્સએપ દ્વારા આપની ટચૂકડી જાહેરાત પ્રસિધ્ધ કરાવો

એક લાઇનના 5 Rs. +5%GST

મિનીમમ ૫ લાઇન ફરજીયાત

122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ

Mo: 9033344426

Dt.26-05-2022 8
ગુરૂવાર
અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક

### મનપાની ફૂડ શાખા દ્વારા કરાઈ હતી કામગીરી

# મિક્સ દૂધ (લુઝ)ના પાંચ નમુના નાપાસ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

## ખાણી-પીણીનાં ૧૪ ધંધાર્થીઓની ચકાસણી, પાંચ પેઢીને લાયસન્સ બાબતે નોટીસ

રાજકોટ, તા.૨૬

વન વીક વન રોડ અંતર્ગત મહાનગરપાલિકાનાં ફૂડ વિભાગ દ્વારા આજે શહેરના પુજારા પ્લોટ મેઈન રોડ વિસ્તારમાં આવેલ ખાણી-પીણીનાં ધંધાર્થીઓની ચકાસણી હાથ ધરવામાં આવી હતી. જેમાં કુલ ૧૪ ફૂડ બિઝનેસ ઓપરેટરની ચકાસણી કરવામાં આવી હતી. તેમજ ચકાસણી દરમ્યાન પાંચ પેઢીને લાયસન્સ બાબતે નોટીસ આપવામાં આવી હતી.

ફૂડ સેફટી સ્ટાન્ડર્ડ એક્ટ-૨૦૦૬ મુજબ ચાર નમુના લેવામાં આવ્યા હતા. લક્ષ્મીવાડી, પુજારા પ્લોટ મેઈન રોડ પર આવેલ રાજસ્થાન સુપર માટલા કુલ્ફીમાંથી માવા મલાઈ કેન્ડી (લુઝ), ઓમનગર સર્કલ પાસે, ૧૫૦ ફૂટ રીંગરોડ પર ભગવતી રસમાંથી કેરીનો રસ (લુઝ), શિવમ સોસા.મેઈન રોડ, આરટીઓ પાછળ આવેલ જય બાલાજી ડેરી ફાર્મમાંથી ભેંસનું દૂધ (લુઝ) અને શ્રીરામ સોસાયટી, આરટીઓ પાછળ આવેલ જયશ્રી શિવશક્તિ દુગ્ધાલયમાંથી મિક્સ દૂધ (લુઝ) નાં નમુના લેવામાં આવ્યા છે.

નાપાસ થયેલ નમુનાની વિગતઃ-

મિકસ દૂધ (લુઝ): નાગજીભાઇ ખોડાભાઈ સિંધવ, સ્થળ- શ્રી કેશર વિજય ડેરી ફાર્મ -હસનવાડી મેઇન રોડ, રિઝલ્ટઃ સબસ્ટાન્ડર્ડ, નાપાસ થવાનું કારણ- ધારા ધોરણ કરતા SNF ઓછા, મિકસ દૂધ (લુઝ): રિર્ઝેશભાઇ જયંતભાઈ વોરા, સ્થળ- શ્રી સ્વામિનારાયણ ડેરી ફાર્મ- સહકાર સોસાયટી મેઇન રોડ, રિઝલ્ટઃ સબસ્ટાન્ડર્ડ નાપાસ થવાનું કારણ- ધારા ધોરણ કરતા SNF ઓછા, મિકસ દૂધ (લુઝ): રાજેન્દ્રકુમાર કિરીટભાઇ સિંધવ, સ્થળ- નીલકંઠ ડેરી ફાર્મ- ગાયત્રીનગર મેઇન રોડ, રિઝલ્ટઃ સબસ્ટાન્ડર્ડ નાપાસ થવાનું કારણ- ધારા ધોરણ કરતા ફેટ ઓછા, મિકસ દૂધ (લુઝ): નિતેશકુમાર કુરજીભાઇ રણપરિયા, સ્થળ- બારસાના ડેરી ફાર્મ- હરિધવા રોડ, પટેલ ચોક, રિઝલ્ટઃ સબસ્ટાન્ડર્ડ નાપાસ થવાનું કારણ- ધારા ધોરણ કરતા ફેટ તથા SNF ઓછા, મિક્સ દૂધ (લુઝ): ભુવા ઉમેશભાઈ લાલજીભાઈ, સ્થળ- વૃંદાવન ડેરી ફાર્મ- હરિધવા રોડ, રાજલક્ષ્મી સોસાયટી, રિઝલ્ટઃ સબસ્ટાન્ડર્ડ નાપાસ થવાનું કારણ- ધારા ધોરણ કરતા SNF ઓછા હોવાનું મનપાનાં ડેઝીગ્નેટેડ ઓફિસરએ જણાવ્યું છે.(૧.૧૨)

### શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ ના બીજા સત્રની પરીક્ષા લેવાશે

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા પાંચમી જૂનથી પરીક્ષાનો પ્રારંભ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

## ખાસ કરીને આર્ટસ, કોમર્સ, હોમ સાયન્સ વગેરેના બીજા સેમેસ્ટરની પરીક્ષાનું સમયપત્રક જાહેર

રાજકોટ, તા.૨૬

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ ના બીજા સત્રની પરીક્ષાઓનું સમયપત્રક જાહેર કરવામાં આવ્યું છે. જે પરીક્ષાઓનો તા.૫ જૂનથી પ્રારંભ થશે.

સૌરાષ્ટ્ર યુનિ.ના પરીક્ષા નિયામકે જણાવ્યું છે કે, આગામી તા.૫ જૂનથી આર્ટસમાં બીએ, બીજેએમસી, બીએસડબલ્યુ,એમએ, એમએસડબ્લ્યુ વગેરે સેમેસ્ટર-૨ ની પરીક્ષા ચાલુ થશે. આ સાથે બીબીએ, પીજીડીએચએમ તથા બી.કોમ, એમ.કોમ તેમજ બી.એસસી અને એમ.એસસીમાં ૫મ સેમેસ્ટર-૨ ની પરીક્ષા લેવાશે.

લો-ફેકલ્ટીમાં એલએલબી, એલએલએમ અને બી.એ એલએલબીનાં સેમ-૨ અને સેમ-૮ તથા બી.આર.એસ અને એમ.આર.એસ તેમજ બી.સી.એ અને એમ.સી.ઓમાં સેમેસ્ટર-૨ ની પરીક્ષા ચાલુ થશે. એ જ રીતે સાયન્સ ફેકલ્ટીમાં પણ બીસીએ, બીએસસી, એમએસસી, પીજીડીસીએ વગેરેની સેમેસ્ટર-૨ ની પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે.(૫.૧૨)

# પોલીસ અધિકારીઓ અને પ્રજાના સહકારથી કાયદો વ્યવસ્થાની સ્થિતિ વધુ મજબુત અને પારદર્શક બનાવીશું: રાજુ ભાર્ગવ







## પોલીસ બેન્ડ સાથે ગાર્ડ ઓફ ઓનરના સન્માન સાથે ભવ્ય સ્વાગત કરાયું

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટઃ રાજકોટના બહુ ચર્ચિત કમિશનકાંડની તપાસ અને પોલીસ કમિશનર મનોજ અગ્રવાલની બદલી બાદ હવે રાજકોટના નવા પોલીસ કમિશનર કોણ તે ચર્ચા કે મુહિમ તેજ બની હતી. તાજેતરમાં પો.કમીશનર તરીકે રાજુ ભાર્ગવની નિમણૂંક કરવામાં આવી છે. નવા પોલીસ કમિશનર તરીકે રાજુ ભાર્ગવે આજે વિધિવત ચાર્જ સંભાળ્યો છે. કમિશનરનો ચાર્જ સંભાળનાર નવા પોલીસ કમિશનર રાજુ ભાર્ગવે જણાવ્યું હતું કે, સરકારે જે વિશ્વાસ અને ઉમ્મીદ સાથે મારી અહીં નિમણૂંક કરી છે એ બદલ હું પ્રજાને વિશ્વાસ આપું છે પોલસ સામે જે પ્રકારના પડકારો છે એના ઉકેલ માટે દરેકના સહકાર મેળવી કાયદો વ્યવસ્થાની સ્થિતિ વધુ સ્વચ્છ અને પારદર્શક બનાવવાશે. સાથો સાથ ટ્રાફિકની વિકટ સમસ્યાના નિરાકરણ લાવવા પ્રયાસ કરાશે. રાજકોટના ૨૭ માં પોલીસ કમિશનર તરીકે ચાર્જ સંભાળનાર આઇપીએસ રાજુ ભાર્ગવ આજે ગુરૂવારે બપોરે સર્કિટ હાઉસ પહોંચ્યા ત્યારે પોલીસ બેન્ડ સાથે ગાર્ડ ઓફ ઓનરના સન્માન સાથે તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. જેસીપી ખુરશીદ અહેમદ, ડીસીપી પ્રવિણકુમાર મીણા, ડીસીપી સુભાષકુમાર દેસાઇ, ડીસીપી ક્રાઇમ પાર્થરાજસિંહ ગોહિલે પુષ્પગુચ્છથી તેમનું અદકેરું સ્વાગત કર્યું હતું.

રાજુ ભાર્ગવે કહ્યું હતું કે, આવી પરિસ્થિતી કઇ રીતે સર્જાઇ એ જાણવું પડશે. હું કોઇ જાદુગર નથી કે, ચેપલીમાંથી છડી કાઢીને એક ઝાટકે બધું સમુસુતરું કરી શકું. પરંતુ એટલો વિશ્વાસ આપું છું કે, પોલીસ અધિકારીઓ અને પ્રજાના સહકારથી કાયદો વ્યવસ્થાની સ્થિતી વધુ મજબૂત અને પારદર્શક બનાવીશું. આ માટે પ્રજાનો સહકાર પણ એટલો જ જરૂરી છે. તેમણે વધુમાં કહ્યું હતું કે, છ મહિના પછી ચૂંટણી છે તેમજ તહેવારો પણ નજીક હોવાથી કાયદો વ્યવસ્થા અને સુરક્ષામાં કોઇ કચાશ રાખવામાં નહીં આવે. રાજકોટ પોલીસ સમક્ષ કેવા કેવા પડકારો છે, પ્રજાને પોલીસ પાસે શું અપેક્ષા છે, ગુનાખોરી કઇ પ્રકારની છે એ સહિતની પરિસ્થિતિ સમજવામાં અને તેનો ઉકેલ કઇ રીતે લાવવો તેના પ્લાનીંગ માટે થોડો સમય લાગશે.

### માર્ગ પરિવહન મંત્રાલયનો રિપોર્ટ જાહેર

# દર ૧૦૦ માર્ગ અકસ્માતમાં ૩૬ લોકોએ જાન ગુમાવ્યા

## ટ્રાફિક સિગ્નલ જંપથી અકસ્માતના મોત પણ ૭૯ ટકા વધી ગયા

નવી દિલ્હી,તા.૨૬

કેન્દ્રનાં માર્ગ પરિવહન મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા રિપોર્ટમાં એવો ચોંકાવનારો ખુલાસો કરવામાં આવ્યો છે કે છેલ્લા ૨૦ વર્ષમાં સૌથી વધુ ગંભીર અકસ્માતો ૨૦૨૦માં નોંધાયા હતા. માર્ગ અકસ્માતોમાં સૌથી વધુ ૪૩.૫ ટકા મોત ટુ-વ્હીલર ચાલકોના થયા હતા. જ્યારે ટ્રાફીક સિગ્નલ જંપ કરવાના પ્રયાસમાં સર્જાતી દુર્ઘટનામાં ૭૯ ટકાનો મોટો વધારો થયો હતો જ્યારે રોંગસાઈડમાં વાહન ચલાવતા સર્જાયેલા અકસ્માતોમાં મોતની સંખ્યામાં ૨૦ ટકાની વૃધ્ધિ થઇ હતી.

મહત્વની વાત એ છે કે કોરોના કાળના લોકડાઉનના વર્ષમાં જ અકસ્માતોની ગંભીરતામાં મોટો વધારો થયો હતો. માત્ર ભારત જ નહીં સમગ્ર દુનિયામાં આ પ્રકારનો ટ્રેન્ડ માલુમ પડ્યો હતો. રિપોર્ટમાં એમ જણાવાયું છે કે ૨૦૨૦માં ટુ-વ્હીલર વાહન ચાલકોના મોતની સંખ્યા વધીને ૫૭૨૮૨ થઇ હતી. જે ૨૦૧૯માં ૫૬૧૩૬ અને ૨૦૧૮માં ૫૫૩૩૬ હતી. જો કે હેલ્મેટ નહીં પહેરનારા વાહનચાલકોના મોતની સંખ્યામાં ઘટાડો હતો. ૨૦૧૯માં ૪૪૬૬૬ હેલ્મેટ પહેર્યા વિનાના ટુ-વ્હીલર ચાલકો મોતને ભેટયા હતા તે સંખ્યા ૨૦૨૦માં ૩૯૫૮૯ થઇ હતી. ૨૦૨૦માં માર્ગ અકસ્માતોમાં મોતને ભેટેલા ૭૭૫૦૦ લોકો ૧૮થી ૪૫ વર્ષની ઉંમરના હતા જે કુલ મૃત્યુઆંકનાં ૬૯ ટકા થવા જાય છે. ભારતમાં દર વર્ષે માર્ગ પરિવહન મંત્રાલય અને નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો દ્વારા અકસ્માતોના આંકડાકીય રિપોર્ટ જાહેર કરવામાં આવતા હોય છે.નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરોએ ગત નવેમ્બરમાં રિપોર્ટ જારી કર્યો હતો તેમાં પણ ૧૦૦ માર્ગ અકસ્માતોમાં ૩૭ લોકો મોતને ભેટ્યા હોવાનું જણાવવામાં આવ્યું હતું.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
જાહેર નોટીસ
કોર્ટ નોટીસ
જાહેર ચેતવણી
દાવાનાં સમન્સ
વગેરે પ્રસિધ્ધ કરાવો
ફક્ત રૂા.૬૦માં
+5%GST (પ્રતિ કોલમ સે.મી.અંદર પાને)
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

# અમદાવાદમાં આઈપીએલની ટિકિટો હાઉસફૂલ




(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટઃ આઈપીએલનો ગ્રાન્ડ ફાઈનલ આગામી તા. ૨૯મીએ પ્રથમ વખત અમદાવાદમાં નરેન્દ્ર મોદી સ્ટેડીયમ ખાતે યોજાવાનો છે. સવા લાખ દર્શકોની ક્ષમતા ધરાવતું સૌથી મોટુ સ્ટેડીયમ છે. ૨૯મી પૂર્વે ૨૭મીએ ક્વોલીફાયર મેચ પણ રમાવાનો છે. ફાઈનલમાં પ્રથમ જ વખત આઈપીએલ રમનારી ગુજરાત ટાઈટન્સ ફાઈનલમાં પહોંચી હોવાથી ગુજરાતી ક્રિકેટ પ્રશંસકોનો આનંદ બેવડાયો છે. ૫૦૦થી ૨૦,૦૦૦ રૂપિયા સુધીની ટિકિટો માત્ર ૩૬ કલાકમાં જ વેચાઈ ગઇ હતી.

### વડાપ્રધાનને આવકારવા જિલ્લા તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ

# રાજકોટથી આટકોટના રોડ માર્ગનું નિરીક્ષણ કરાશે

## રાજકોટ સિવિલ હોસ્પિટલ તથા આટકોટ ખાતે ઈમરજન્સી હેલ્પલાઈન શરૂ કરી દેવાઇ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૬

રાજકોટ જિલ્લાના આટકોટ ખાતે કે.ડી.પરવાડીયા હોસ્પિટલના લોકાપર્ણ માટે આગામી તા.૨૮ને શનિવારના રોજ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી આવી રહ્યા છે. રાજકોટ જિલ્લા કલેકટર અરૂણ મહેશ બાબુએ હેલિપેડ સ્થળ અને કોન્વોયની કામગીરી અંગે વિગતવાર જાણકારી મેળવી હતી. ફાયર સેફ્ટી, મેડિકલ ટીમ, હોટ લાઇનની વ્યવસ્થા સહિતના મુદ્દાઓ અંગે ગઇકાલે સમીક્ષા બેઠક યોજાઇ હતી જેમાં ચર્ચા કરવામાં આવી હતી. ઉપરાંત મહાનુભાવોની બેઠક વ્યવસ્થાનું સુચક આયોજન કરવા તાકિદ કરી હતી. સભા સ્થળ પર સામાન્ય જનતાના આરોગ્યની કાળજી રાખીને એકસ્ટ્રા એમ્બ્યુલન્સ, સિનિયર ડોકટર અને ફિઝિસયન ટીમને સ્ટેન્ડબાય રાખવા સુચના આપી હતી. રાજકોટ ખાતે તા.૨૮મીએ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીનું આગમન થશે. આજે સાંજે રાજકોટ એરફોર્સથી આટકોટ સુધીના હવાઇ માર્ગનું લેન્ડીંગ ટ્રાયલ કરાશે. ૧૨ પાયલોટ, એરફોર્સ તથા એવીએસનો સ્ટાફ, ક્રુ મેમ્બર્સ રાજકોટ ખાતે આવી પહોંચશે. રાજકોટથી આટકોટના રોડ માર્ગનું આજે નિરીક્ષણ કરવામાં આવશે. સાથોસાથ ૨૮મીના રોજ સરધારથી ભાવનગર આવેલા જવાનોને જવા માટેનો માર્ગ ડાયવર્ઝન કરવામાં આવશે. રાજકોટ સિવિલ હોસ્પિટલ તથા આટકોટ ખાતે ઇમરજન્સી હેલ્પલાઇન શરૂ કરી દેવામાં આવી છે. મેડિકલ ટીમ, આરએનડી, એર ઇન્ડિયા, એરપોર્ટ ઓર્થોરીટી, એરફોર્સ સહિતનો સ્ટાફ આટકોટ ખાતે આવી પહોંચ્યો છે. આટકોટ ખાતે ત્રણ અને જસદણ ખાતે બે હેલીકોપ્ટર તૈનાત કરવામાં આવ્યા છે. કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયા સહિતના કેબિનેટ મંત્રીઓનો કાફલો તેમજ પીએમઓ કચેરીનો સ્ટાફ ૨૭મીએ રાજકોટ આવી જશે. વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી આટકોટમાં દોઢ કલાકનું ટુંકુ રોકાણ કરશે. આટકોટમાં સવારે ૧૦ વાગ્યાની આસપાસ નરેન્દ્રભાઇ મોદી આવી પહોંચવાની સંભાવના છે. શનિવારે વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી આટકોટ ખાતે કે.ડી.પી હોસ્પિટલનું લોકાપર્ણ કરનાર છે. તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ આદરી દેવામાં આવી છે.જીલ્લા કલેકટર અરૂણ મહેશ બાબુએ જણાવ્યું હતું કે, આટકોટ આસપાસના વિસ્તારને ૨૮મીએ નો-ફલાય ઝોનમાં મૂકી દીધો છે. સતાવાર કાર્યક્રમ હવે જાહેર થશે.(૧.૧૫)

# વડાપ્રધાન નરેન્દ્ર મોદી સોમવારે રાજકોટના ૪ બાળકો સાથે સીધો સંવાદ કરશે

## કોરોનામાં માતા-પિતા બંનેની છત્રછાયા ગુમાવનાર ૧૦ થી ૧૪ વર્ષના ૪ બાળકોને પીએમ કેર્સ ફંડમાંથી ૧૦-૧૦ લાખની સહાય ચૂકવાઇ ગઇ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ તા. ૨૬

આગામી ૩૦મીએ સવારે ૧૦ વાગ્યે વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી પીએમ કેર્સ ફંડ સંદર્ભે રાજકોટના ૪ બાળકો સહિત દેશભરના બાળકો સાથે સીધો લાઇવ સંવાદ કરશે, કલેકટરે જણાવેલ કે, રાજકોટ કલેકટર કચેરી ખાતે આ કાર્યક્રમ થશે.

કોરોનાકાળમાં માતા-પિતા બંનેની છત્રછાયા ગુમાવનાર બાળકોને પીએમ કેર્સ ફંડમાંથી ૧૦ લાખની સહાયની અત્યંત મહત્વની યોજના આવી હતી, રાજકોટના ૪ બાળકોના પોસ્ટ ઓફિસમાં ખાતા ખોલી ૧૦-૧૦ લાખ ફિકસ ડિપોઝીટ સ્વરૂપે મૂકી દેવાયા છે. તમામ ૪ બાળકોના ગાર્ડીયન-બાળકોને ભાવભેર આમંત્રણ અપાયું છે. ૧૦ થી ૧૪ વર્ષના બાળકો છે, તમામને પીએમ કેર્સ ફંડમાંથી ૧૦-૧૦ લાખની સહાય ચૂકવાઇ ગઇ છે. રાજકોટના ૪ ઉપરાંત સુરતના ૩, વડોદરાના-૩ અને અન્ય રાજ્યોના બાળકો સાથે વડાપ્રધાન ૩૦મીએ સીધો સંવાદ કરશે. રાજકોટ કલેકટર કચેરી ખાતે સવારે ૧૦ વાગ્યે પીએમ સાથે બાળકો સવારે ૧૦ વાગ્યે સીધો સંવાદ કરશે.

# રાજકોટ એસટી ડિવિઝનની ૧૧૦ સહિત કુલ ૩૦૦ બસ બુક



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ તા. ૨૬

વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી આટકોટ ખાતે આવી રહ્યા છે. ત્યારે લોકોને લાવવા-લઇ જવા માટે ભારે દોડધામ થઇ રહી છે. દરમિયાન વડાપ્રધાનના કાર્યક્રમ સંદર્ભે રાજકોટ એસટીની ૧૧૦ સહિત અન્ય જીલ્લા-ડિવિઝનની ૨૮મીએ કુલ ૩૦૦ બસ બૂક થઇ છે.

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.